**આજનો સુવિચાર**

ભગવાન માણસને લાયકાત થી વધુ સુખ નહિ આપતો અને સહનશક્તિથી વધુ દુઃખ નથી આપતો ''

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૪ જૂનાગઢ તા.૨૦-૧૧-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 284, Junagadh : Date : 20 November, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વર્લ્ડકપમાં ભારતની હારથી કરોડો ક્રિકેટ ચાહકોનાં દિલ તુટયા : દેશભરમાં ગમગીની

## પરાજયનાં ડર અને દબાણને કારણે ભારતીય ટીમ બેટીંગ, બોલીંગ અને ફિલ્ડીંગ તમામ ક્ષેત્રે નિષ્ફળ રહી : વિવિધ સ્તરે હારનું પોસ્ટમોર્ટમ

અમદાવાદ તા.૨૦ : વન-ડે વર્લ્ડકપમાં સળંગ ૧૦ મેચ જીત્યા બાદ ફાઈનલમાં જ ભારતીય ટીમના ફલોપ પ્રદર્શન અને કારમા પરાજયથી કરોડો ભારતીયોના દિલ તૂટી ગયા છે. બોલીંગ, બેટીંગ અને ફીલ્ડીંગ એમ ત્રણેય મોરચે ઓલરાઉન્ડર દેખાવ કરીને ઓસ્ટ્રેલિયાએ આઠ વર્ષ બાદ ફરી વર્લ્ડ ચેમ્પીયનનું બીરૂદ હાંસલ કર્યુ હતું.

વિશ્વકપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનો ઓસ્ટ્રેલિયા સામે ધબડકો થતાં કરોડો ક્રિકેટ પ્રેમીઓ નિરાશ - નારાજ થયા છે. નારાજ ક્રિકેટ પ્રેમીઓએ ટીવી તોડયા છે તો નિરાશ ક્રિકેટ ફેન્સ તેમનું દુઃખ દર્દ બયાન કરી રહ્યા છે. દેશભરમાં ગમગીનીનો માહોલ છવાયો છે. હાર બાદ ડ્રેસીંગ રૂમમાં ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા. પરાજય બાદ કેપ્ટન રોહિત શર્માએ હારનું ઠીકરૂ બેટ્સમેનો ઉપર ફોડયું છે. સૌ કોઈ પોતપોતાની રીતે પરાજયનું પોસ્ટમોર્ટમ કરી રહ્યા છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સમય કેટલો ઝડપથી બદલાઈ રહ્યો છે તેનું ઉત્તમ ઉદાહરણ રવિવારે જોવા મળ્યું હતું. જયારે વર્લ્ડ કપની ફાઈનલ શરૂ થવાની હતી ત્યારે ટીમ ઈન્ડીયાની વાદળી જર્સી પહેરીને ૧.૩૦ લાખ દર્શકો ઉત્સાહ સાથે સ્ટેડિયમ તરફ આગળ વધી રહ્યા હતા. તેને ખાતરી હતી કે સતત ૧૦ મેચ જીતનારી ભારતીય ટીમ અહીં ઈતિહાસ રચશે અને ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ વર્લ્ડ ચેમ્પીયન બનશે. ક્રિકેટ પંડિતો અને મીડિયાને પણ વિશ્વાસ હતો કે ટૂર્નામેન્ટમાં અજેય રેકોર્ડ, હોમ ગ્રાઉન્ડ અને ૧૪૦ કરોડ લોકોની પ્રાર્થના ટીમ ઈન્ડિયાને ટાઈટલ જીતવામાં મદદ કરશે. પરંતુ જેમ જેમ સાંજ પડતી ગઈ તેમ તેમ સ્ટેડિયમમાં નીરવ શાંતિ છવાઈ ગઈ અને રાત પડી ત્યારે હજારો ચાહકોની આંખો ભીની થઈ ગઈ. ટીમ ઈન્ડીયા ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ હતી અને તેનું ત્રીજી વખત વર્લ્ડ ચેમ્પીયન બનવાનું સપનું ચકનાચૂર થઈ ગયું હતું.

આ ચાહકોમાં મોટી સંખ્યામાં બાળકો હતા, જેઓ તેમના હીરો રોહિત શર્મા અને વિરાટ કોહલીને જોઈને મોટા થઈ રહ્યા હતા અને તેમને વર્લ્ડ ચેમ્પીયન બનતા જોવા માંગતા હતા. તેમના માટે, તેમના હીરોના ચહેરા પરની નિરાશા એક મોટા આઘાત જેવી હતી, જે કદાચ થોડા દિવસો માટે તેમના હૃદય અને મગજમાં અંકિત રહેશે. ભારતીય ટીમ હારનાં ડર અને દબાણને કારણે બેટીંગ, બોલીંગ અને ફિલ્ડીંગ તમામ ક્ષેત્રે નિષ્ફળ રહી જેનું પરીણામ હારમાં આવ્યું

# ઉત્તરકાશીમાં છેલ્લા ૯ દિવસથી ટનલમાં ફસાયેલા ૪૧ મજુરોને બચાવવા મરણીયા પ્રયાસો

ઉત્તરકાશી તા.૨૦

ઉત્તારાખંડના ઉત્તરકાશી જીલ્લામાં આવેલ સિલ્કયારા ટનલમાં ૪૧ મજૂરો છેલ્લા ૯ દિવસથી ફસાયેલા છે. જયારે તેમને બચાવવા માટે દેહરાદૂનથી ડ્રિલિંગ મશીન લઈ જતી ટ્રક ઋષિકેશમાં ખીણમાં ખાબકી છે.

આ અકસ્માત આજે વહેલી સવારે ૩ વાગ્યે થયો હતો. આ અકસ્માતમાં ટ્રક ચાલક ગંભીર રીતે ઘાયલ થયો છે. ટ્રકમાં વર્ટિકલ ડ્રિલિંગનું બેકઅપ મશીન હતું.

### ડ્રીલીંગ મશીન લઈ જતી ટ્રક ખીણમાં ખાબકી

સિલ્કયારા ટનલ તરફથી ઓગર મશીનને અવરોધતા ભારે ખડકોને તોડવામાં આવી રહ્યા છે. અહીંથી ખોરાક મોકલવા માટે ૧૫૦ mmની નાની પાઈપ પણ ડ્રિલ કરવામાં આવી રહી છે. ઓગર મશીનને કાટમાળથી બચાવવા માટે, તેને કોંક્રિટ બ્લોકસથી કવર કરવામાં આવી રહી છે.

**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**ખોડલધામ ટુર**
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

**ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક**
ડો. દુષ્યંત ચૌહાણ
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ
:: સ્પેશ્યાલીટી ::
● ડહાપણ દાઢની સારવાર
● મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
● તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
● મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
● જડબાનાં સાંધાની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા
૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક
આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯



# જૂનાગઢમાં જલારામ જયંતિની ભકિતભાવપુર્વક થયેલી ઉજવણી

## સવારથી જ પૂજય જલારામ બાપાનું પૂજન, અર્ચન, આરતી, મહાપ્રસાદ, શોભાયાત્રા સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાયા




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગઈકાલે સંત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિની ઉત્સાહભેર, ઉમંગભેર અને ભકતીભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રા સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભાવિકોએ ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો.

સુપ્રસિધ્ધ યાત્રાધામ વિરપુર જલારામધામ ખાતે જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. હજારો ભકતો દર્શનાર્થે ઉમટી પડયા હતા. આ ઉપરાંત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં જલારામ જયંતિની ઉજવણી થઈ હતી. જૂનાગઢ શહેરમાં પણ અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા. જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિ નિમિતે જૂનાગઢ સહિત સોરઠ પંથક જલારામમય બન્યું હતું. લોહાણા મહાજન જૂનાગઢ દ્વારા જલારામ મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે જલારામ બાપાની ઝુંપડી સન્મુખ ૨૨૪ દિવડાની આરતી કરવામાં આવી હતી તેમજ રઘુવંશી પરિવાર માટે નાત જમણ તેમજ જૂનાગઢમાં વસતા સમસ્ત બ્રાહ્મણ પરિવારોને ભોજન બાદ સમુહ જ્ઞાતિ ભોજન યોજાયું હતું. આ ઉપરાંત બપોરના ૪ કલાકે પોસ્ટ ઓફિસર રોડથી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂ અને કાર્યકર્તાઓ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉપરાંત ઝાંઝરડા ચોકડી ખાતે આવેલા જલારામ ભકિતધામ ખાતે પણ જલારામ જયંતિ નિમિતે વહેલી સવારથી અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા અને સાંજના સમયે સમુહ પ્રસાદ ભોજન પણ યોજવામાં આવ્યું હતું. પ્રો. પી.બી. ઉનડકટ અને કાર્યકર્તાઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ ઉપરાંત જૂનાગઢ તળાવ દરવાજે આવેલા જલારામ સર્કલ પાસેના જલારામ મંદિરે સંત શિરોમણી જલારામબાપાની ૨૨૪મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સવારના ૭ વાગ્યાથી લઈ રાત્રીના ૧૧ વાગ્યા સુધી આરતી, નોલેજ સ્પર્ધા, બંને ટાઈમ મહાપ્રસાદ, રોટલા મહોત્સવ, કેક કટીંગ, આરતી, વેશભુષા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના તેમજ જલારામ સર્કલ સમિતિ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# જૂનાગઢમાં હવેલી ગલીમાં સંત શિરોમણી પૂજય જલારામ બાપાના મંદિરે અન્નકુટ ધરાયો





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

ગઈકાલે સંત શિરોમણી પૂજય જલારામબાપાની ૨૨૪મી જન્મજયંતિની ભકિતભાવ પુર્વક સર્વત્ર ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત વહેલી ગલીમાં આવેલા સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિ નિમિત ગં.સ્વ. રેખાબેન ચિમનલાલભાઈ રૂપારેલીયા પરિવાર તરફથી અન્નકુટ ધરવામાં આવ્યો હતો. છેલ્લા ૧૯ વર્ષથી આ પરિવાર દ્વારા અન્નકુટની સેવા આપવામાં આવે છે. પૂજય જલારામ બાપાના અનન્ય ભકત એવા ગં.સ્વ. રેખાબેન ચિમનલાલભાઈ અને તેમના પરિવાર દ્વારા ધરવામાં આવેલા અન્નકુટના હજારો ભાવિકોએ દર્શન કર્યા હતા. આ તકે આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત રૂપારેલીયા પરિવારનું તેમની સેવા બદલ સન્માન કરવામાં આવેલ હતું. જેમાં પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા તેમ મંત્રીશ્રી નંદલાલ ચોલેરાની યાદીમાં જણાવેલ છે.


# બિલખામાં પૂજય જલારામ બાપાની રરજમી જન્મજયંતિની ધામધુમપુર્વક થયેલી ઉજવણી



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)
બિલખા તા.૨૦

બિલખામાં ગઈકાલે ભકત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારના પૂજય જલારામ બાપાની પ્રતિમાનું પૂજન અર્ચન કરવામાં આવેલ બાદમાં લોહાણા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે બિલખાના લોહાણા જ્ઞાતિના દિવ્યેશભાઈ શીંગાડા નાયબ મામલતદાર બનતા જ્ઞાતિના ગૌરવ તરીકે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં બપોરે લોહાણા મહાજન વાડીમાં સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ બપોરે ૩ વાગ્યે શાનદાર બગી સાથે પૂજય જલારામ બાપાની પ્રતિમાની ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિક-ભકતો જોડાયા હતા. ત્યારબાદ આ શોભાયાત્રા પરત લોહાણા મહાજન વાડીએ ફરી હતી અને જયાં પૂજય જલારમા બાપાની સંધ્યા આરતી કરી કઢી-ખીચડાના પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર ઉજવણી સફળ બનાવવા માટે લોહાણા મહાજનના પ્રમુખ હિતેષભાઈ કંટારીયા અને સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિર ખાતે ૫૬ ભોગ અન્નકુટ મહોત્સવ યોજાયો



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિર ખાતે લાભ પાંચમના દિવસે ૫૬ ભોગ અન્નકુટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકુટ મહોત્સવનો ધર્મપ્રેમી જનતાએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. જગ્યાના મહંત શ્રી અર્જુનદાસબાપુના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# ગિરનાર પરિક્રમાના ભાવિકોને સુતરની થેલી માટે પ્રકૃતિ મિત્રની અપીલ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

ગિરનાર પરિક્રમા ૨૩ તારીખ થી ચાલુ થનાર છે. જૂનાગઢની એક NGO, "પ્રકૃતિ મિત્ર ,"દર વરસે રૂપાયતન આગળ પરિક્રમાના રૂટની એન્ટ્રી આગળ કેમ્પ નાખીને જંગલમાં પ્લાસ્ટિક ન જાય તે માટે બદલામાં સૂતર/કાપડની થેલી આપે છે. આ સંસ્થાને કોઈ સરકારી સહાય મળતી નથી. રાજુ એન્જીનીયરસ શાપર દ્વારા થેલીની સહાય કરવામાં આવે છે પણ આ વખતે પરિક્રમામાં ૧૫લાખ લોકો ઉમટે તેમ છે. માટે કાપડની થેલી ઘટે તેમ છે. આથી દરેક પ્રકૃતિ પ્રેમીના અપીલ છે કે આજુ બાજુ નથી કાપડની થેલી ભેગી કરી સંસ્થાને મદદ કરે. જૂનાગઢના વેપારી કે ઉદ્યોગ ગૃહો પોતાની જાહેરાત વાળી થેલી પણ છપાવીને સંસ્થાને આપી શકે છે. જૂનાગઢના દરેક નાગરિકોને અપીલ છે કે આ NGOનું કામ જોવા માટે પરિક્રમાના દિવસોમાં રૂપાયતનના ગેટ પાસે જે "પ્રકૃતિ મિત્ર"નો કેમ્પ છે તેની મુલાકાત લે.

રાષ્ટ્ર સંત પૂજય નમ્ર મુનિ મહારાજ સાહેબ તથા પૂજય ઈન્દ્રભારતી બાપુએ પણ આ પ્રવૃત્તિની પ્રશંસા કરી પ્લાસ્ટિક મુક્ત પરિક્રમાના પ્રકૃતિતમિત્રની પ્રવૃતિને બિરદાવેલ છે. દરેક પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓને વિનંતી કે ૨૧ થી ૨૪ નવેમ્બરમાં ચોવીસે કલાકમાંથી તમોને અનુકૂળ થાય ત્યારે આ કેમ્પની મુલાકાત લઈ જાતે આ પ્રવૃત્તિની નોંધ લઈ તેનો પ્રચાર અને પ્રસાર કરો. વધુ વિગત અને કાપડની થેલીના અનુદાન માટે પ્રકૃતિ મિત્રના ચેર પરસન પ્રો. ડો. ચીરાગબેન ગોસાઈ મોબાઈલ નંબર ૯૪૨૭૭૩૩૨૧૯ન સંપર્ક કરવા જણાવેલ છે.

# સોમનાથ કાર્તિક પૂર્ણિમા મેળામાં સ્વ હીરાબેન સતીકુંવર સેવા ટ્રસ્ટ દ્વારા વેરાવળથી એસટી બસ સેવાઓ રહેણાંક વિસ્તાર શ્રીપાલ આવાસ યોજનાથી ઉપાડવાની રજૂઆતને ડેપો મેનેજર દ્વારા સમર્થન આપ્યું



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૨૦

સોમનાથ મહાદેવના સાનીદયમાં કાર્તિક પૂર્ણિમાના મેળામાં અવર-જવર માટે સ્વ. પુનમબેન ધાણક, સ્વ. અરવિંદભાઈ પ્રભુદાસભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ. સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ તરફથી એસટી તંત્ર દ્વારા વેરાવળના સીનીયર સીટીઝન મહીલાઓ બાળકો સહિત અન્ય પરિવારજનોએ મેળામાં પહોંચવા શ્રીપાલ હવેલી સાંઈબાબા આવાસ અને બાયપાસ વિસ્તારમાંથી ઓટો રિક્ષામાં જોખમી મુસાફરી કરી પહોંચવાની ફરજ પડતી હોય તો જીલ્લા વહીવટી તંત્રને વેરાવળ એસટી તંત્ર દ્વારા રહેણાંક વિસ્તાર શ્રીપાલ હવેલી સાંઈબાબા આવાસ યોજના નમસ્તે સર્કલ વિસ્તાર ઉપર એસટી બસ સેવાઓ મેળા દરમ્યાન પાંચ દિવસ સુધી નમસ્તે સર્કલથી વાયા સાંઈબાબા મંદિર આવાસ ધી વાલા ચોક શ્રીપાલ હવેલી ચોક રેયોનથી સોમનાથ મેળાની બસ સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી જીલ્લા કલેક્ટર સહિત વહીવટી તંત્રએ આ બાબત ધ્યાને લઈ સીસાયટી વિસ્તાર ઉપર મેળામાં અવર-જવર માટે સલામત સવારી એસટી બસ સેવાઓનો લાભ મળે તે હેતુથી સ્વ. સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ દ્વારા રજુઆત કરેલ છે.

# યાત્રાધામ દ્વારકામાં ૧૯૬૨ના ચીન યુધ્ધમાં વીરગતિ પામેલા આહીર હિરલાઓને શ્રધ્ધાંજલિ અપાઈ



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૦

ગુજરાત આહીર સેના દ્વારા યાત્રાધામ દ્વારકાની આહીર સમાજ વાડી ખાતે દેશભરમાંથી પ્રથમ વખત શોર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૬૨માં ભારત-ચીન યુધ્ધમાં ચીનના ૧૩૦૦થી વધુ સૈનિકોને મોતને ઘાટ ઉતારી ૧૧૪ જેટલા આહિર હિરલાઓ વીરગતિ પામ્યા હતા. જે શહિદવીરોના સન્માનમાં આહીર સેના ગુજરાત દ્વારા દ્વારકા આહીર સમાજ વાડી ખાતે શ્રધ્ધાંજલિ પાઠવી હતી. તેમજ દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું આ સાથે કુરંગા ગામથી વિશાળ કાર રેલી નીકળી હતી આ કાર્યક્રમના ઉપલક્ષ્યમાં ભવ્ય લોકડાયરાનું પણ આયોજન કરાયું હતું.

# ગિરનારની પરિક્રમાના ઉદ્ઘાટન કાર્યક્રમનો સંતો કરશે બહિષ્કાર : મહંત શ્રી મહેશગીરીબાપુ

(અનુસંધાન પાના નં. ૮નું ચાલુ...)

ભવનાથ ક્ષેત્રમાં આવેલા તિર્થધામોના સંતો તેમજ ધર્મપ્રેમી જનતા તેમજ વિવિધ એસોસીએશનના લોકો, અગ્રણીઓ અને ધર્મપ્રેમી સનાતની સેવકો ખુબ જ વ્યથીત છે. આજે બોલાવવામાં આવેલી પરિક્રમા પ્રેસ સંવાદ અને બેઠકમાં અમે સૌ સંતો અને ધર્મપ્રેમી ભાવિકો દ્વારા એવી જાહેરાત કરીશું કે પરિક્રમાના પ્રારંભે રાત્રીનાં ૧૨ વાગ્યે કરવામાં આવતું પરિક્રમાનાં ઉદઘાટન કાર્યક્રમનો અમે સૌ સંતો બહિષ્કાર કરીએ છીએ પરંતુ આ સાથે જ પરંપરાગત રીતે યોજાતી ગિરનારની લીલી પરિક્રમા યોજાશે જ અને અમે પણ સેવા આપશું. અમારો માત્ર વિરોધ તંત્રની કાર્યવાહી સામે તેમજ પરિક્રમાના ઉદઘાટન કાર્યક્રમના બહીષ્કાર બાબતે જ છે તેમ મહેશગીરીબાપુએ જણાવ્યું હતું.



દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# પરિક્રમાના મહાત્મય પ્રમાણે કારતક સુદ - ૧૧થી પરિક્રમા શરૂ કરી પુણ્યનું ભાથું બાંધીએ

## ગોરખનાથ આશ્રમના મહંત શેરનાથબાપુનો શ્રદ્ધાળુઓને અનુરોધ



જૂનાગઢ, તા.૨૦

ગોરખનાથ આશ્રમના મહંત શ્રી શેરનાથ બાપુએ ગરવા ગિરનારની પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો છે કે, ગિરનાર લીલી પરિક્રમાના મહાત્મય પ્રમાણે સમયસર એટલે કારતક સુદ - ૧૧થી પરીક્રમા શરૂ કરી પુણ્યનું ભાથું બાંધીએ. સાથો સાથ આ સિદ્ધક્ષેત્ર ગિરનારમાં પરિક્રમા દરમિયાન કોઈપણ પ્રકારે ગંદકી ન ફેલાય તે માટે વિશેષ કાળજી રાખીએ.

શેરનાથ બાપુએ જણાવ્યું કે ૩૩ કરોડ દેવતાઓ વાસ કરે છે, તેવા ગરવા ગિરનાર પરિક્રમા માટે લાખો ભાવિકો પોતાના જીવનને પવિત્ર બનાવવા અને પુણ્યનું ભાથું બાંધવા માટે આવે છે, ત્યારે સંતોનો મત છે કે, કારતક સુદ - ૧૧ થી પૂર્ણિમા સુધીમાં પરિક્રમા કરીએ. તેમજ અવ્યવસ્થા ન સર્જાય તે માટે તંત્રને પૂરતો સહયોગ આપીએ.

અતિ પવિત્ર, દિવ્ય અને રમણીય એવા ગરવા ગિરનારને જાણી-માણીને ખુશીનો પાર રહેતો નથી. ત્યારે આ સિદ્ધ ભૂમિમાં કચરો ન થાય તેની વિશેષ કાળજી રાખીએ. પ્લાસ્ટિકની બોટલ, માવાના કાગળ તેમજ અન્ય ખાદ્ય પદાર્થ વગેરે ગંદકી ન ફેલાઈ તેની પરિક્રમા દરમિયાન પૂરતી તકેદારી રાખીએ. જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા અને વન વિભાગ દ્વારા જે કચરાના નિકાલની વ્યવસ્થા કરી છે તે રીતે યોગ્ય જગ્યાએ કચરાનો નિકાલ કરીએ.

આમ, ગિરનારમાં જંગલ અને પહાડોનો સમન્વય છે. વૃક્ષો- વનસૃષ્ટિનું જતન કરી સ્વચ્છતા જાળવી, સમયસર ગરવા ગિરનાર પરિક્રમા કરીએ તેઓ ભાવિકોને શેરનાથ બાપુએ અનુરોધ કર્યો છે.

# કલેક્ટર અનિલકુમાર રાણાવાસિયાએ પ્રજાકીય પ્રશ્નોને સત્વરે ઉકેલવા અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ

## કલેકટરના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૨૦

કલેકટર અનિલકુમાર રાણાવાસીયાએ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં પ્રજાકીય પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા. જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠીયા, ભુપેન્દ્રભાઈ ભાયાણી અને અરવિંદભાઈ લાડાણીએ વિકાસના કામો, દબાણ, રોડ રસ્તા, નરેગા યોજના, જર્જરીત બિલ્ડીંગ, ખાણ ખનીજ, બેંક, સિંચાઈ, ખેડૂત ખાતેદાર, પોલીસ રક્ષણ સહિતના પ્રજાકીય મુદ્દે પ્રશ્નો રજૂ કર્યા હતા. જેના સંબંધીત અધિકારીઓએ પ્રત્યુત્તર પાઠવ્યા હતા. આ સાથે અધ્યક્ષ સ્થાનેથી કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ જનપ્રશ્નોને ઉકેલવા માટે જરૂરી સૂચનાઓ સાથે માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર પી. જી. પટેલ, સહિત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિના સભ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન સ્વચ્છતા જાળવી સાચા અર્થમાં પુણ્યના ભાગીદાર બનીએ

## ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવ ભારતીનો પરિક્રમા અર્થે આવનારા ભાવિકોને અનુરોધ



જૂનાગઢ, તા.૨૦

કારતક સુદ-૧૧થી ગિરનાર લીલી પરિક્રમાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પરિક્રમા પ્રકૃતિના સાનિધ્યમાં થવાની છે અને સનાતન ધર્મ પ્રકૃતિને પૂજનીય માને છે. સાથે જ પ્રકૃતિનું રક્ષણ આપણો ધર્મ છે. ત્યારે આ પરિક્રમા દરમિયાન સ્વચ્છતા જાળવી સાચા અર્થમાં પુણ્યના ભાગીદાર બનીએ. એમ ભારતી આશ્રમના લઘુ મહંત શ્રી મહાદેવ ભારતીએ પરિક્રમા અર્થે આવનાર ભાવિકોને અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ગરવા ગિરનારની પરિક્રમા માટે આવીએ ત્યારે સાથે પ્લાસ્ટિક ન લાવીએ, તેમજ ગંદકી ફેલાવતી વસ્તુઓને જ્યાં ત્યાં ન ફેકીએ સાથો સાથ આપણા વન્યજીવો-વન્ય સૃષ્ટિને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે રીતે ભક્તિમય પરિક્રમા કરીએ. આ ગરવા ગિરનારની પરિક્રમા પુણ્યમાં ભાગીદાર બનવા માટે આવીએ ત્યારે પ્રકૃતિને હાનિ ન પહોંચે અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ખાસ કાળજી રાખીએ. તેવો મહાદેવ ભારતી બાપુએ ભાવિકોને અનુરોધ કર્યો છે.

# માંગરોળમાં કામનાથ રોડ ઉપર વડલામાં આગલાગી : કાર્યવાહી કરવા માંગ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૦

માંગરોળના કામનાથ રોડ ઉપર વડલામાં આગ ભભુકી ઉઠતા ત્યાંથી પસાર થતા રાહદારીએ સંજીવની નેચર ફાઉન્ડેશનના નરેશભાઈ ગોસ્વામીને જાણ કરી હતી. ત્યારબાદ નગર સેવા સદનના ફાયર બ્રિગેડ દ્વારા આગ કાબુમાં લેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા પંદર દિવસમાં વર્ષો જુના પાંચ વડલામાં આગ લાગવાનાં બનાવ બન્યા છે. અગાઉ પણ કામનાથ રોડ અને કેશોદ રોડ ઉપર વર્ષો જુના ઘેઘુર વૃક્ષો આગમાં નાશ પામ્યા છે. પેશકદમીના ઈરાદાથી આગ લગાડવામાં આવતી હોવાની વ્યક્ત કરાયેલી શંકા વચ્ચે ઉકરડા અને નાળીયેરીનો વેસ્ટ કચરો પણ આગનું કારણ બનતો હોય, તંત્ર આ બાબતે કાર્યવાહી કરે તેવી પર્યાવરણ પ્રેમીઓની માંગણી છે.

# ૧૦ લાખ તબીબી સહાય માટેના આયુષ્માન-કાર્ડ હવેથી મોબાઈલ એપ દ્વારા વ્યકતી જાતે પીડીએફ સ્વરૂપે મેળવી શકાશે

જૂનાગઢ તા.૨૦

સરકાર દ્વારા પી.એમ.જે.એ.વાય-માં યોજના/આયુષ્માન ભારત કાર્ડ બી.આઈ.એસ ૨.૦ મોબાઈલ એપ્લિકેશન દ્વારા કાર્ડ કઈ રીતે બનાવી શકાય તેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે જેની માહિતી નીચે મુજબ છે.

(૧) સૌ પ્રથમ આપના મોબાઈલ ઉપર આયુષ્માન એપ્લિકેશ ડાઉનલોડ કરવી અને તેમાં બેની ફીશીયરી સિલેક્ટ કરી મોબાઈલ ઓ.ટી.પી. થી લોગ-ઈન કરવું.

(૨) ત્યારબાદ મોબાઈલ ઉપર જે સ્ક્રીન દેખાય છે તેમાં આપેલ ઓપ્શેનમાં રાજ્ય, જીલ્લો, સ્કીમ (પીએમજેએવાય), સર્ચ -બાય માં આધારકાર્ડ/રાશનકાર્ડની વિગતો નાખી સર્ચ કરતાની સાથે જ (એન.એફ.એસ.એ) કુટુંબનાં તમામ સભ્યાોની વિગતો બતાવશે.

(૩) આ પ્રક્રિયા મુજબ આગળ જતા જેમના કાર્ડ કાઢવાના બાકી છે તે સભ્યોની નામની સામે કલીક કરી અને આધારકાર્ડ ઓટીપી, ફિંગરપ્રિન્ટ / આઈઆરઆઈએસ, ફેસ-ઓથથી વેરીફાઈ કરતા લાભાર્થીની આધારકાર્ડ/ફેમીલી આઈ.ડી./એડ્રેસ જેવી વિગતો બતાવશે જેમાં આગળ આધારકાર્ડ આવેલ ફોટાની સામે લાઈવ ફોટો માબાઈલમાંથી કલીક કરી અપલોડ કરી ફેમીલીનાં સભ્યોની મોબાઈલ નંબર નાખી ઓટીપી, ફિંગરપ્રિન્ટ, આઈઆરઆઈએસ, ફેસ-ઓથથી વેરીફાઈ કરી તથા આધારકાર્ડ મુજબ પીનકોડ, ગામ, તાલુકા, જિલ્લાની વિગતો ભરવી. ત્યારબાદ સબમીટ કરતા એનરોલમેન્ટની પ્રોસેસ પૂર્ણ થાય છે.

(૪) ડાઉનલોડ ઉપર ક્લિક કરતા આયુષ્માન-કાર્ડ પીડીએફ સ્વરૂપે લાભાર્થીને મળી રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જામકંડોરણા ખાતે જરૂરીયાતમંદોને કીટ વિતરણ કરાયું


(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૦



ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા દિવાળી પર્વ નિમિત્તે જરૂરીયાતમંદ વિસ્તારના બાળકોને મીઠાઈ(લાડુ-ગાઠીયા) વિતરણ કરી દિવાળી પર્વની ઉજવણી કરી હતી. આ સેવાકિય કાર્યમાં ચંદુભાઈ મકવાણા, પદુભા જાડેજા, તેજુભા જાડેજા, વિશ્વાસભાઈ બાલધા, લાલભાઈ ભરવાડ, ભૂપતભાઈ પરમાર, શ્યામ સરવૈયા, જય દરજી, સર્વજીતસિંહ જાડેજા, ગોપાલ ભરવાડ, કપિલ કુવરિયા અને ગ્રામ પંચાયત સભ્ય દેવશીભાઈ હાજર રહ્યા હતા.

# ઉના : સ્વામીનારાયણ ભગવાનના મંદિરે અન્નકોટ ધરાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૦

ઊના શહેરમાં ૧૦૩ વર્ષ જુનું શેઠ વાડામાં આવેલ સ્વામી નારાયણ ભગવાનનું પ્રાચીન મંદિર આવેલું છે. જ્યાં નવા વરસ નિમિતે ભગવાન લક્ષ્મી નારાયણ, હરેકુષ્ણ મહારાજ અને લાલજી મહારાજ અને શાલિગ્રામ ભગવાનને જુદી જુદી જાતની મીઠાઈઓ અને ફરસાણનો ભવ્ય અન્નકુટ ધરવામાં આવ્યો હતો અને આરતી કરી લોકો માટે દર્શન માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને હરિ ભક્તોએ દર્શનનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# કેશોદ તાલુકાનો તા. ૨૨ નવેમ્બરે યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં કેશોદ તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨-૧૧-૨૦૨૩ને સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ ખાતે તથા ગ્રામ્ય કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સંબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાનાર છે.

## સ્વર્ગસ્થ પુત્રના જન્મ દિવસની અનોખી ઉજવણી

# કોડીનારમાં સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વાર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક લાઈબ્રેરી ખુલ્લી મુકાઈ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૦

ગીર સોમનાથ ના કોડીનાર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ભાઈઓ-બહેનો માટે કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી દ્વારા પોતાના સ્વર્ગીય પુત્ર મિત સોલંકીના જન્મ દિવસે તેના સ્મરણાર્થે તમામ આધુનિક સુવિધા સજ્જ નિઃશુલ્ક એ.સી. લાઈબ્રેરી ખુલ્લી મુકી. કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી દ્વારા પોતાના સ્વર્ગીય પુત્ર મિત સોલંકીના જન્મ દિવસે તેના સ્મરણાર્થે નિઃશુલ્ક એ.સી. સાર્વજનિક લાઈબ્રેરીનું ઉદ્ઘાટન શહેરના હાર્દસમા છારા ઝાંપા વિસ્તારમાં શિવાલય કોમ્પ્લેક્સમાં ૫૦૦થી વધારે શહેરના શ્રેષ્ઠિઓની હાજરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું. આ લાયબ્રેરીમાં ૧૦૦૦થી વધારે ગુજરાતના તમામ પ્રકાશનોના સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો ઉપલબ્ધ છે. સાથે ઓનલાઈન શિક્ષણ માટે ૧૦ જેટલા કોમ્પ્યુટરની વ્યવસ્થા ૨૪ કલાક ફ્રી વાઈફાઈ સુવિધા સાથે એસી સાથે બધી જ સગવડતાઓ ધરાવતી સૌરાષ્ટ્રની એકમાત્ર લાઈબ્રેરી શહેરના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને ગરીબ વિદ્યાર્થીઓ કે જેવો દૂર દૂર મોટા શહેરોમાં રૂમ રાખી વર્ગખંડ જોઈન્ટ કરવા તો ખૂબ મોટો ખર્ચો હોય છે તો એવા વિદ્યાર્થીઓ માટે પોતાના ઘર અને શહેરના મધ્ય સમા વિસ્તારમાં આ સ્વ.મિત શીવાભાઈ સોલંકી સાર્વજનિક નિઃશુલ્ક લાઈબ્રેરી ખુલ્લું મૂકતાની સાથેજ વિદ્યાર્થીઓ રીડિંગ લાઈબ્રેરી સાથે જોડાઈ ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે વિદ્યાર્થીઓને કોડીનારથી બહાર જવું પડતું હોય છે જે બધા વર્ગને પરવડે તેમ ના હોય ત્યારે ઘર આંગણે આ સાર્વજનિક લાઈબ્રેરી શરૂ થતાં તેમાં તમામ પુસ્તકો સહિતની વ્યવસ્થા મળતા વિદ્યાર્થીઓ માટે વાલીઓમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.આ તકે કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકીએ પોતાના સ્વર્ગીય પુત્ર મિત સોલંકીના જન્મ દિવસે તેના સ્મરણાર્થે આ લાઈબ્રેરી શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, મારા ગામના કોઈ વિદ્યાર્થીને પરીક્ષા માટે બહાર તૈયારી કરવા જવાની તકલીફ ના પડે આ લાઈબ્રેરી માંથી તૈયારી કરી સારામાં સારા અધિકારીઓ બને અને વિદ્યાર્થીઓ છે એ પોતાના લક્ષાંકો સુધી પહોંચે એ જ સાચા અર્થમાં મારા દીકરાને જન્મ દિવસની ભેટ હોય શકે તેવું લાગણીસભર ભાવુક થઈને જણાવ્યું હતું.

# માધવપુર ગામે પાદરમાં આવેલ ડો. આંબેડકર ચોક ગેરકાયદે દબાણ હટાવવાનો પ્રશ્ન જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરાયો

(શાંતિલાલ મેવાડા દ્વારા)

માધવપુર (ઘેડ), તા.૨૦

પોરબંદર તાલુકાના માધવપુર ગામે શહેરના પાદરમાં ડો.આબેડકર ચોક આવેલ છે. આ આબેડકર ચોકમાં છેલ્લા કેટલાક સમયથી અહીના કિરીટ ભગવાનજી ઠકરાર નામના લોહાણા શખસએ આજથી દસેક વરસ પહેલા ચોકની વસોવસ ગેરકાયદે કબજો કરીને પાકી દુકાન બનાવી લેવામાં છે. જેના લીધે આંબેડકર ચોકની જગ્યા દબાય જવા પામી છે. આંબેડકર ચોકમાં જેતે વખતે બનતી આ ગેરકાયદે દુકાનના બાંધકામને અટકાવવા અને આ ગેરકાયદેસર દબાણને તાત્કાલિક દૂર કરવા ગત તારીખ ૧૩/૩/૨૦૧૩ થી સ્થાનિક ગ્રામ પંચાયતના જેતે વખતના મહિલા ચરપંચ અને જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના જવાબદાર સતાવાળાઓને ગેરકાયદે બનાવવામાં આવતી આ દુકાનના ફોટોગ્રાફ સાથે અહીંયા સામાજિક કાર્યકર અને અનુ. જાતિના આગેવાન શાંતિલાલ મેવાડાએ અનેક વખત લેખિતમાં તેમજ રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી હતી તેમછતાં આ ગેરકાયદે દુકાન કે દબાણને દૂર કરવામાં આવ્યું ન હતું એટલુંજ નહીં જેતે વખતે આંબેડકર ચોકમાંથી આ ગેરકાયદે દબાણને હટાવવા આ સળગતા પ્રશ્નને જિલ્લા કલેકટરના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પણ સામાજિક કાર્યકર શાંતિલાલ મેવાડાએ આ પ્રશ્નો બે બે વખત રજૂ કરવામાં આવ્યો હતો અને આંબેડકર ચોકમાંથી દબાણ હટાવવા માંગણી કરવામાં આવી હતી તેમછતાં આજ દિવસ સુધી આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવ્યો નથી હા માત્ર કાગળ ઉપર કાર્યવાહી કરવામાં આવી હતી અને આ દબાણ મુદે જેતે વખતના સ્થાનિક ગ્રામ પંચાયતના મહિલા ચરપંચને સસ્પેન્ડ કરીને તંત્રના જવાબદાર સતાવાળાઓએ સંતોષ માની લેવામાં આવ્યો હોવાનું જણાય છે જેથી દશ વરસ પછી પણ આ પ્રશ્ન આજે પણ સળગતો જોવા મળે છે. જેથી આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા માટે ફરી વખત તારીખ ૧૩/૧૧/૨૦૨૩ના માધવપુરના સામાજિક કાર્યકર અને અનુ. જાતિના અગ્રણી શાંતિલાલ મેવાડાએ જિલ્લા કલેકટરના આગામી યોજાનાર જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો છે અને માધવપુરના ડો.આંબેડકર ચોકમાં જે સરકારી જગ્યા ઉપર માધવપુરના કિરીટ ભગવાનજી ઠકરાર નામના લોહાણા શખ્સ દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર દુકાનના બાંધકામને તાત્કાલિક તોડી પાડવા અને દુકાનના દબાણને દૂર હટાવી ગેરકાયદે દબાણને આંબેડકર ચોકમાંથી દૂર ખસેડવાની માંગણી કરવામાં આવી છે. તેમજ છેલ્લા વીસ વરસથી લાખો રૂપિયાની સરકારી જમીન ઉપર ગેરકાયદે કબજો કરનાર દબાણકર્તા ભુ માફિયા સામે સરકારીધારા ધોરણ મુજબ લેન્ડ ગ્રેબિગનો ગુન્હો દાખલ કરીને કાયદાનું ભાન કરાવવાની સામાજિક કાર્યકર શાંતિલાલ મેવાડાએ માંગણી ઉઠાવી છે.

# ભારત સરકારના રાજ્ય કક્ષાના રેલ અને ટેકસટાઈલ મંત્રી શ્રીમતી દર્શના ઝરદોશ સોમનાથ મહાદેવના દર્શને



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૦

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શને ભારત સરકારના રાજ્ય કક્ષાના રેલ અને ટેકસટાઈલ મંત્રી દર્શનાબેન ઝરદોશ સહપરિવાર પધાર્યા હતા. મધ્યાહન સમયે મંત્રીશ્રીએ શ્રી સોમનાથ મહાદેવને શીશ નમાવી મહાદેવનો જલાભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી હતી. મંત્રી દર્શનાબેન ઝરદોશને સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમેશ્વર મહાપૂજા કરાવવામાં આવી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા સ્મૃતિ ચિત્ર આપી મંત્રી દર્શનાબેન જરદોશનું સ્વાગત અભિવાદન કરવવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રારંભ કરાયેલ "સોમનાથ થી અયોધ્યાઃ શ્રી રામ નામ લેખન મહાયજ્ઞ"માં ટ્રસ્ટના રામ મંદિર ખાતે મંત્રી દર્શનાબેન ઝરદોશ જોડાયા હતા. તેમજ તેઓએ હિરણ કપિલા અને સરસ્વતી નદીના પવિત્ર ત્રિવેણી સંગમ ખાતે સૂર્યદેવને અંજલિ અર્પણ કરી ધન્યતા વ્યક્ત કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# અનામતનો દાયરો વધારવાનો ફેસલો રાજકીય હીતો સાધવાનો પ્રયાસ

સાંસદો, ધારાસભ્યો વિરુદ્ઘ નોંધાયેલ અપરાધિક કેસોના જલ્દી નિકાલ માટે દેશની સર્વોચ્ચ અદાલતનો નવો નિર્દેશ સુખદ અને સ્વાગતયોગ્ય છે. ન્યાયાલયે હાઈકોર્ટોને સાંસદો વિરુદ્ઘ અપરાધિક કેસોના નિરીક્ષણ માટે વિશેષ પીઠ રચવાના પણ નિર્દેશ આપ્યા છે. અદાલતોને કહ્યું કે દુર્લભ અને બાધ્યકારી કારણોને છોડીને એવા કેસોની કાર્યવાહી ક્યારેય સ્થગિત ન કરો. સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ હાઈકોર્ટો, જિલ્લા અદાલતો અને વિશેષ ન્યાયાલયો માટે આવ્યો છે. આ જ અદાલતોમાં જન પ્રતિનિધિઓને કેસોની સુનાવણી થાય છે અને એ બહુ દુઃખદ છે કે સુનાવણી પૂરી થવામાં જ વર્ષો નીકળી જાય છે. ભ્રષ્ટાચાર કે અપરાધ કરનારા પ્રતિનિધિ પણ સુસ્ત અદાલતી કાર્યવાહીને કારણે વારંવાર ચૂંટણી જીતતા રહે છે અને સદનોમાં આવતા રહે છે. લાગે છે કે મોટાભાગના ન્યાયમૂર્તિ સામાન્ય રીતે નેતાઓ વિરુદ્ઘ ચાલનારા કેસોને વધુ મહત્ત્વ નથી આપતા. એવામાં તેમના વિરુદ્ઘ ચાલનારા ગંભીર કેસોની ચર્ચા સમાજમાં જરૂરિયાતથી ઓછી થાય છે. જો અદાલતો ઉચ્ચ સ્તરે અપરાધ વિરુદ્ઘ પૂરતી સજાગ રહે, તો રાજનીતિ નિશ્ચિત રૂપે વધુ સ્વચ્છ થઈ શકે.

દેશના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની પીઠ દ્વારા જારી નિર્દેશના પ્રકાશમાં સંપૂર્ણ ન્યાયપાલિકા બિરાદરીએ સક્રિય થઈ જવું જોઈએ. નેતાઓ વિરુદ્ઘ ફરિયાદ કરનારાઓની પીડા સમજવી જરૂરી છે. સુનાવણીમાં વધુ સમય લાગે છે ત્યારે ફરિયાદ કરનારને વધુ ભય અને તકલીફમાંથી પસાર થવું પડે છે. અનેક કેસોમાં એટલો વિલંબ થઈ જાય છે કે સુનાવણી અને ચુકાદાનો કોઈ અર્થ નથી રહેતો. અનેક કેસોમાં ન્યાયિક હસ્તક્ષેપના અભાવે ફરિયાદની ફાઈલો પણ ધૂળ ખાતી રહે છે. જો ન્યાયાધીશ સાંસદો અને ધારાસભ્યોના કેસોનું સ્વતઃ સંજ્ઞાન લેવા લાગશે, તો ખરેખર દેશમાં ન્યાય વિતરણમાં યથાયોગ્ય ઝડપ આવશે. એવા કેસો ન્યાયાલયોની વેબસાઈટ પર પણ અલગથી રેખાંકિત કરવામાં આવશે, જેનાથી ખબર પડશે કે કોના વિરુદ્ઘ કયા કેસમાં ક્યારે કેસ નોંધાયો અને સુનાવણીની શી સ્થિતિ છે. સુનાવણીમાં કેમ સમય લાગી રહ્યો છે, તે સ્પષ્ટ થવું જોઈએ. કોઈ કેસમાં બિનજરૂરી વિલંબ થઈ રહ્યો હોય તો લોકોને તેની પણ ખબર પડવી જોઈએ. ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ ન્યાયાલયના આ નિર્દેશ એક જનહિત અરજી દરમ્યાન સામે આવ્યા છે. ૧૪ નવેમ્બર, ૨૦૨૨ની એમિકસ ક્યૂરીના નવીન રિપોર્ટોમાંથી એક અનુસાર, વર્તમાન અને પૂર્વ સાંસદો-ધારાસભ્યો વિરુદ્ઘ ૫૧૭૫ કેસો નોંધાયેલા છે અને તેમાંથી ૨૧૧૬ અપરાધિક કેસો પાંચ વર્ષથી વધુ સમયથી પડતર છે. એ જણાવવાની જરૂર નથી કે નેતાઓ વિરુદ્ઘ કેસો ઘટવાને બદલે વધતા જાય છે. આ કાયદા પ્રત્યે ડરનો અભાવ છે કે સેવામાં ઈમાનદારીની ઉણપ, ખુદ નેતાઓએ આ વિચારવું જોઈએ. અંતે રાજકારણમાં અપરાધમાં થનારો વધારો ખુદ નેતાઓ પર સૌથી વધુ ભારે પડવાનો છે. બુનિયાદી રૂપે ગામ-કસ્બામાં જે પ્રકારે રાજકારણ રમાય છે, તેનાં લક્ષણ પ્રદેશ કે દેશ સ્તરીય રાજકારણમાં ઉભરે છે. મતલબ, રાજકીય સુધાર માટે બિલકુલ જમીની સ્તર પર રોકથામ અને ત્વરિત ન્યાયના ઉપાય કરવા પડશે, જેથી કોઈ દાગી નેતા ક્યારેય વિધાનસભા કે સંસદમાં ન રહે.

# વીરપુરમાં સંત શિરોમણી જલારામ બાપાથી રઘુરામ બાપા સુધી સેવાનું અંખડ અજવાળું પ્રસરી રહ્યું છે

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર તા.૨૦

જલારામ બાપાનો જન્મદિવસ એટલે કારતક સુદ સાતમ. બાપાનું નામ એક અદભૂત અનુભૂતિ છે. માનવદેહે આવો કોઈ માણસ પૃથ્વી પટે વિહરતો હતો એવું આજની પેઢી કદાચ માને પણ નહીં. બે સદીથી ચાલી રહેલું વિરપુરનું સદાવ્રત એનો જીવંત પુરાવો છે. કહેવાય છે કે દિવા પાછળ હંમેશાં અંધારૂ હોય. કિર્તી કે પ્રસિદ્ધ બીજી ત્રીજી પેઢીએ પરવારી જાય. જગતમાં મોટાભાગના મહાન માણસોની બાબતમાં એવું બન્યું છે પણ આ બધામાં જલારામ બાપા અપવાદ છે. એમનો સેવાયજ્ઞ એમની હયાતીમાં તો ધમધોકાર ચાલ્યો જ પરંતુ એમના વારસદારોએ પણ અન્નક્ષેત્રનો જયજયકાર આજ સુધી કર્યે જ રાખ્યો છે. એક ઝલક બાપાના વંશજોની મેળવીએ. જલારામ બાપાએ ૨૦ વરસની ઉંમરે ૧૮/૧૧/૧૮૨૦ ના રોજ વિરપુરમાં હરિહરની શરૂઆત કરી. જે પ્રવૃત્તિ એમના દેહવિલય ૨૩/૨/૧૮૮૧ સુધી એમની હયાતીમાં જ અવિરત ચાલતી રહી.બાપાને સંતાનમાં એકમાત્ર દિકરી જમનાબહેન, એમના પુત્ર કાળાભાઈ, એમના વારસ એટલે નાનકડા હરિરામ બાપાએ દફતર લઈ નિશાળ જતા નાનકડા દોહિત્ર હરિરામમાં ચમકારો જોયો અને પોતાની હયાતીમાં જ એમને વિરપુર ગાદીના રખેવાળ તરીકે પસંદ કર્યા. હરિરામ બાપાએ શાળાને રામરામ કરી રામસેવાને અપનાવી. એ પ્રકાંડ વિદ્વાન હતા. એમને તમામ શાસ્ત્રો કંઠસ્થ હતાં. ભગવદ્ ગીતાના તમામ શ્લોક એ મોંઢે બોલી રસદર્શન કરાવતા. "અન્નદાનની મહત્તા" અને "ભકતધર્મ " જેવાં પુસ્તકો લખ્યાં. એમણે ઈ.સ.૧૯૧૨ સુધી વિરપુરનું સદાવ્રત અદ્ભૂત રીતે ચલાવ્યું. છપ્પનીયા દુષ્કાળ સમયે વિરપુરના અન્નક્ષક્ષેત્રની નામના ટોચ ઉપર પહોંચી હતી. એ હરિરામ બાપાના પુત્ર ગિરધરરામ બાપાની કમાલ હતી. (જન્મ ૨૩/૧૧/૧૯૦૬) વિરપુરનું સદાવ્રત હરીરામ બાપા પછી એમણે સંભાળ્યું.એમની સેવાની ભાવના એટલી ઉદાત્ત હતી કે લોકો એમને જલારામ બાપાનો અવતાર માનતા. ગિરધરરામ બાપાએ અછતના કપરાકાળમાં કે દુષ્કાળોમાં સૌરાષ્ટ્રમાં જે લોકસેવા કરી છે એ એક ઉજજવળ ગાથા છે. વિરપુરધામ એમના થકી દેશવિદેશમાં ખુબ જ ખ્યાતી પામ્યું. એ પછી વિરપુરના ગાદીપતિ તરીકે એમના પુત્ર જયસુખરામ બાપા (જન્મ ૩૧/ ૧૦/૧૯૨૭) બિરાજમાન થયા. જે એક મુકસેવક હતા. સેવા તત્પર સંત કોટિના સંસારી કાન્તાબા એમનાં ધર્મપત્ની જે પોતે પતિની સાથે ખડેપગે અન્નદાન કરતાં. જલારામ બાપા અને એમના વારસદારોએ સંસારમાં રહીને માનવસેવાની અદ્ભૂત કેડી કંડારી છે. આ એક વિશેષતા છે. જયસુખરામબાપા દેખાવમાં આબેહૂબ જલારામ બાપા જેવા જ લાગતા. એક વખત મેં એમને વિરપુર ખાતે ઢળતી સાંજે મૌનમાં એકલા બેઠેલા જોયેલા.

મને સાક્ષાત જલારામ બાપા બેઠા હોય એવું લાગેલું. એ સુખદ પળ મારા જીવનની સૌથી શ્રેષ્ઠ પળ હતી. ઈ.સ.૨૦૦૦ના વર્ષથી વિરપુરમાં કોઈપણ પ્રકારનું દાન લેવાનું બંધ છે. આ નિર્ણય એમના સમયમાં થયો હતો. એમનો દેહવિલય થયો ત્યારે હું વિરપુરમાં હતો. આખા પંથકમાં ઘેરી ઉદાસી ફેલાઈ ગઈ હતી. જયસુખરામ બાપા પછી એમના પુત્ર રઘુરામબાપા હાલે વિરપુરનો વહીવટ ચલાવે છે.(જન્મ ૨૫/૧૨/૧૯૫૧) સાત પેઢી પછી પણ સદાવ્રતની સુવાસ એવી જ પ્રસરી રહી છે. યાત્રાળુઓની સંખ્યામાં બેહદ વધારો થયો છે. વિરપુરની જગ્યામાં ભોજનપ્રસાદ માટે આધુનિક ફેરફારો એમનું પ્રદાન છે.

આ સદાવ્રતે ૨૦૦ વરસની સેવાયાત્રા પુરી કરી એ નિમિત્તે મોરારીબાપુની ભવ્ય રામકથા પણ વિરપુરમાં થયેલી. જલાબાપાથી રઘુરામબાપા સુધી સેવાનું અખંડ અજવાળું પ્રસરતું જ રહ્યું છે. એક મંત્ર સાથે."રામ નામ મેં લીન હે. દેખત સબમેં રામ. તાકે પદ વંદન કરૂ જય જય જલારામ."

# કેશોદમાં કાયદો વ્યવસ્થા કથળી : રાજકીય આગેવાનોની ધાક ખલ્લાસ ?

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૦

કેશોદ શહેરમાં વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન ઉદભવે છે. છેલ્લા એક દશકથી લોક દરબારમાં ટ્રાફિક સમસ્યાની રજુઆત કરવામાં આવે છે. ટ્રાફિક સમસ્યા હલ કરવા ખાતરી આપવામાં આવે છે પરંતુ છેલ્લા એક દાયકાથી વધુ સમયથી પરિસ્થિતિ જૈસે થે કોઈપણ પ્રકારનો ફરક પડ્યો નથી. શહેરમાં ટ્રાફિક સમસ્યાથી વેપારીઓ રાહદારીઓ પરેશાની ભોગવી રહ્યા છે. શહેરમાં એકપણ પાર્કિંગની વ્યવસ્થા ન હોવાના કારણે ટ્રાફિક સમસ્યા વધુ વકરી રહી છે. અનેક દુકાનદારો પણ દુકાનની આગળ માલ સામાનના ખડકલા કરતા હોય તેમજ ઘણાં દુકાનદારો દુકાનોની આગળ લારી વાળાઓને ઉભા રખાવી ભાડા વસુલતા હોવાના કારણે પણ ટ્રાફિક સમસ્યામાં વધારો થાય છે. અગાઉના ડીવાયએસપી ટાંક ફરજ બજાવતા હતા ત્યારે ટ્રાફિક સમસ્યા પ્રશ્ન હલ થયો હતો લોકો અડચણરૂપ વાહનો પાર્કિંગ કરવામાં ડર અનુભવતા હતા ત્યાર બાદ ટ્રાફિક સમસ્યા ફરીથી એની એ જ પરિસ્થિતિ ઉદ્ભવી રહી છે. કેશોદ પોલીસ સ્ટાફ દ્વારા સરકારી દવાખાના પાસે શાકભાજી લારી વાળાઓને અવારનવાર હટાવવામાંછે પરંતુ શહેરના મુખ્ય માર્ગો ઉપરથી અસંખ્ય કેબીન ધારકો લારી વાળાઓ પણ ટ્રાફિક સમસ્યા ઉભી કરી રહ્યા છે છતાં કોઈ પગલા લેવામાં આવતા નથી. શહેરમાં વિવિધ વિસ્તારોમાં પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો મહદઅંશે ટ્રાફિક સમસ્યા હળવી બની શકે છે. કેશોદ શહેરમાં વર્ષોથી શરદ ચોક પોલીસ ચોકી બનાવવામાં આવેલ છે જ્યાં સ્ટાફની અછતનું કારણ બતાવી કાયમી સ્ટાફની નિમણુંક કરવામાં આવતી નથી. એવી જ રીતે એરપોર્ટ રોડ કોર્ટ સામે તથા બાલાગામ આઉટ પોલીસ સ્ટેશનમાં પણ મોટાભાગે તાળા મારેલ જોવા મળે છે. શહેરમાં ચોરી, લુંટ જેવા બનાવો દેશી વિદેશી દારૂનું વેચાણ થતું હોય જે બાબત સાબિત કરે છે કે કાયદો વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે. જે બાબતે રાજકીય આગેવાનો પણ મૌન સેવી રહ્યા છે કે રાજકીય આગેવાનોની ધાક ખલ્લાસ થય ગય હોય તેવું હોય કે પછી રાજકીય આગેવાનોને કેશોદની સમસ્યા હલ કરાવવામાં રસ નહી હોય એવા અનેક સવાલો લોકોમાં ઉદ્ભવી રહ્યા છે. ત્યારે આગામી ધારાસભાની ચુંટણી પહેલા અને નવા વર્ષના પ્રારંભે કેશોદની ટ્રાફિક સમસ્યા હલ કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવશે કે વર્ષોની સમસ્યા એની એ જ રહેશે એ તો આવનારો સમય જ બતાવશે પણ હાલ તંત્ર તથા રાજકીય આગેવાનો સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શતામૃત મહોત્સવમાં મુલાકાત લીધી



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૦

સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે દાદાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાયને ૧૭૫ વર્ષ થતાં શતમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્યારે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી શતામૃત મહોત્સવમાં પધાર્યા હતા. તેમનું વડીલ સંતો દ્વારા સભા મંડપમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી વિજય રૂપાણી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીના દર્શનને આવ્યા હતા. વિજયભાઈ રૂપાણી એ દાદાના દર્શન કરી મંદિર ઉપર ધજા ચઢાવી હતી.

## ઉના : ધાર્મિક સ્થળોએ અન્નકુટ દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૦

ઊના શહેરમાં આવેલ પૌરાણીક રાધા દામોદરાયજીની હવેલી તેમજ ત્રિકોણબાગ પાસે આવેલ સૂર્ય મુખી હનુમાન મંદિરે નૂતન વર્ષ નિમિતે ભગવાનને વિવિધ મીઠાઈઓ અને ફરસાણના ભોગનો અન્નકુટ ધરવામાં આવેલ હતો. જેનો મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બની ગયા હતા.

## સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડાના યુવાન ભારતીય સેના CISFની ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન આવતા ભવ્ય સ્વાગત કરાયું



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૦

સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડાના યુવાન ચિરાગ લાડવા ભારતીય સેનામાં CISF ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન આવતા ગામ લોકો અને પરીવાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું નાના એવા પરિવારમાંથી ભારતીય સેનામા પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યું છે.

# આજે વિશ્વ બાળ દિવસ

વિશ્વ બાળ દિવસની સ્થાપના સૌપ્રથમવાર ૧૯૫૪માં સાર્વત્રિક ચિલ્ડ્રન્સ ડે તરીકે કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય એકતા, વિશ્વભરમાં બાળકોમાં જાગૃતિ લાવવા અને બાળકોના કલ્યાણમાં સુધારો કરવા દર વર્ષે ૨૦ નવેમ્બરે ઉજવવામાં આવે છે. ૨૦મી નવેમ્બર એક મહત્વપૂર્ણ તારીખ છે કારણ કે તે ૧૯૫૯ની તારીખ છે જ્યારે યુએન જનરલ એસેમ્બલીએ બાળ અધિકારોની ઘોષણા અપનાવી હતી. ૧૯૯૦ થી, વિશ્વ બાળ દિવસ એ તારીખની વર્ષગાંઠને પણ ચિહ્નિત કરે છે માતાઓ અને પિતાઓ, શિક્ષકો, નર્સો અને ડોકટરો, સરકારી નેતાઓ અને નાગરિક સમાજના કાર્યકરો, ધાર્મિક અને સમુદાયના વડીલો, કોર્પોરેટ મોગલો અને મીડિયા પ્રોફેશનલ્સ, તેમજ યુવાનો અને બાળકો પોતે, વિશ્વ બાળ દિવસને તેમના માટે સુસંગત બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. સમાજો, સમુદાયો અને રાષ્ટ્રો.વિશ્વ બાળ દિવસ આપણામાંના દરેકને બાળકોના અધિકારોની હિમાયત કરવા, પ્રોત્સાહન આપવા અને ઉજવણી કરવા, સંવાદો અને ક્રિયાઓમાં અનુવાદ કરવા માટે એક પ્રેરણાત્મક પ્રવેશ-બિંદુ પ્રદાન કરે છે જે બાળકો માટે વધુ સારી દુનિયાનું નિર્માણ કરશે. આ વર્ષના બાળ દિવસની થીમ, 'દરેક બાળક માટે, દરેક અધિકાર', વિશ્વભરમાં દરેક બાળકના અધિકારોને જાળવી રાખવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. બહુરંગી ડિઝાઈન અને પત્રિકાઓ જેટલો જીવન માટે સંભવતઃ બીજો કોઈ પ્રસંગ નથી.

યુનિસેફ દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃતિ તરીકે યુનિવર્સલ ચિલ્ડ્રન્સ ડે માટે વાદળી એ સત્તાવાર રંગ છે. મૂળરૂપે, આ ??દિવસે ૨ ધ્યેયો હાંસલ કરવામાં મદદ કરવાના હતાઃ તમામ જાતિ, સંપ્રદાય અને ધર્મના બાળકોને સાથે સમય પસાર કરવા પ્રોત્સાહિત કરવા, એકબીજાને જાણવા. અને એકબીજાના મતભેદોની પ્રશંસા કરવી, અને વિશ્વભરની સરકારોને તેમના સૌથી યુવા નાગરિકોના કલ્યાણ પર વધુ ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરવા. જો કે યુનિવર્સલ ચિલ્ડ્રન્સ ડે ૨૦મી નવેમ્બરે ઉજવવામાં આવે છે, દરેક દેશ જે તહેવારોમાં ભાગ લે છે તેની પોતાની તારીખ આ હેતુ માટે અલગ રાખવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી-જનરલ બાન કી-મૂનનું બીજું એક લક્ષ્ય દરેક બાળકને શિક્ષણ મેળવવા અને શાળામાં જવા માટે સક્ષમ બનવા માટે પહોંચ છે. વિશ્વના બાળકોમાં શાંતિ, આદર અને પર્યાવરણ પ્રત્યેની ચિંતાને પ્રોત્સાહન આપવું પણ અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે. આપણે જે પ્રકારનું વિશ્વ બનાવવા માંગીએ છીએ તેની પુનઃકલ્પના કરવા માટે પેઢીઓ એકસાથે આવવાનો સમય છે. ૨૦ નવેમ્બરના રોજ, બાળકો વધુ સારી દુનિયાની ફરી કલ્પના કરશે.

## માળીયાહાટીના પોલીસ સ્ટેશન ખાતે નવનિયુક્ત પીએસઆઈ પી.કે. ગઢવીના અધ્યક્ષ સ્થાને ત્રણ વાત અમારી ત્રણ વાત તમારી અંતર્ગત કાર્યક્રમ યોજાયો

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર તા.૨૦

પ્રાપ્ત વિગતો મુજબ માળીયાહાટીના પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા બી.કે. ચાવડાની બદલી થતાં તેમની જગ્યાએ કેશોદ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પી.એસ.આઇ. પી.કે. ગઢવીએ ચાર્જ સંભાળતાની સાથે જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંગીન બને જેના ભાગરૂપે માળીયાહાટીના પોલીસ સ્ટેશન ખાતે માળિયા હાટીના શહેરના દરેક સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી અંતર્ગત સંવાદ અને સુરક્ષા અંગે વિચારણા કરી ઉપસ્થિત નગરજનોના પ્રશ્નો શાંતિપૂર્ણ માહોલમાં સાંભળી તમામ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ આવે તેવી ખાતરી આપી હતી. હાલ માળીયાહાટીના તાલુકાની જનતા શાંતિપૂર્ણ માહોલમાં તેમની રોજદી ક્રિયાઓ કરી રહ્યા છે ત્યારે કોઈ અગમ્ય કારણોસર કોઈ બનાવ બને તેને માટે પોલીસ તંત્ર પણ બાજ નજર રાખી રહ્યું છે અને હાલ પણ તાલુકાભરમાં ખૂબ જ શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહ્યો છે. ઉપસ્થિત આગેવાનોએ પીએસઆઈ પી.કે. ગઢવીની કામગીરી કરવાની પ્રધતિને બીરદાવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

- ડેનિશ કહેવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૮ દૂર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, પંચક (સવારે ૧૦:૦૮ ક.થી શરૂ) તા.૨૦ નવેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૬, ધનિષ્ઠા નક્ષત્ર, ધ્રુવ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૯, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૧૦:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૨૦-૧૧-૨૦૨૩ થી ૨૬-૧૧-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષની પ્રબળતા વધે. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનમાં અકારણ ગુસ્સાનો અનુભવ થાય. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ દરમિયાન મુસાફરીમાં સફળતા મળે. ભાગીદાર વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યોમાં સફળતા મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્રફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યોમાં રૂચિ વધે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત થાય. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ બની ન જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવાનો વારો આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા. નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ કાળજી રાખવી.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

સામાજિક કાર્યોમાં સફળતા અપાવનારું આ સપ્તાહ તમને માનસિક મુંઝવણમાંથી બહાર લાવશે. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રફુલિતતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગેની ગોઠવણ થાય. દોડાદોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવિન મોજ-શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલવર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પરંતુ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યોમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાનભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ તેમની દાળ ગળે નહીં. નાણાંકીય તંગી સપ્તાહની શરૂઆતમાં અનુભવાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

વિદ્યાભ્યાસ કરતા વ્યક્તિઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યો મંદગતિએ આગળ વધે. સંતાનવર્ગ બાબતેની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા રહે. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનોથી સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પરિવારના કાર્યોમાં સફળતા મળે. તેમજ યશ-વૃધ્ધિ પણ થાય.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બદલી-બઢતીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય છે. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ છે. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમ્યાન ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પાર પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સંતાનવર્ગ સંબંધિત ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધીઓની મદદ મળે. મહત્વના નિર્ણયો આ સપ્તાહ દરમ્યાન મોકુફ રાખવા હિતાવહ. યશ,માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધી નવા માર્ગ ખુલે, મનની મુંઝવણ દૂર કરી શકશો. આકસ્મીક આર્થિક ખર્ચનો નાનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

તંદુરસ્તી બાબતે ખાસ સાવચેતી રાખવી. પ્રતિકૂળ સમય હોઈ નાણાંકીય રોકાણકારોએ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દાંપત્યજીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી બને. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. સામાજિક કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક કાર્યક્ષેત્રમાં આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહભર પૂર્ણ કરી શકશો. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મૂંઝવણ દૂર કરી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પારિવારીક મદદથી અત્યંત અગત્યના કાર્યોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુવર્ગ નિર્બળ બને. જો સમસ્યા હોય તો તેનું સમાધાન થાય તેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

# ઓફિસથી કામ કરવાનું કહેવામાં આવતાં એમેઝોનના તકનિકી નિષ્ણાંતે રૂા.૧.૬ કરોડની નોકરી છોડી દીધી

(એજન્સી) તા.૨૦

આ વર્ષે ફેબ્રુઆરીમાં એમેઝોને એક આદેશ જારી કરીને તેના કર્મચારીઓને ઓફિસ ઉપર પાછા ફરવાની તૈયારી શરૂ કરવા કહ્યું હતું. એમેઝોનના સોફટવેર ડેવલપમેન્ટ મેનેજર તરીકે કામ કરતાં એક પૂર્વ તકનીકીએ જાહેર કર્યું કે કંપનીએ તેમને ઓફિસ-ટુ-ઓફિસનો ઓર્ડર જારી કર્યા પછી તેણે તેની $ 2,03,000 (1.69 કરોડ)ની નોકરી છોડી દીધી. તે અત્યાર સુધી ઘરે બેસીને કામ કરતા આ વ્યક્તિએ જણાવ્યું હતું કે દેશભરમાં સ્થળાંતર કરવા અને નોકરી માટે પોતાનું સ્વપ્ન જીવન છોડી દેવાની ફરજ પાડવાને બદલે નોકરી છોડવી જ બહેતર છે. ન્યુયોર્ક સ્થિત સોફ્ટવેર પ્રોફેશનલે બિઝનેસ ઈનસાઈડરને જણાવ્યું કે તેણે એપ્રિલ ૨૦૨૦માં જ્યારે કોવિડ-૧૯ રોગચાળો પ્રગટ થયો ત્યારે ઈ-કોમર્સ જાયન્ટ સાથે કામ શરૂ કર્યું હતું. તાજેતરમાં જ તેણે એક પ્રોપર્ટી ખરીદી હતી અને તેથી તે સ્થળાંતર કરવાના મૂડમાં નહોતો. આ વર્ષે ફેબ્રુઆરીમાં એમેઝોને એક આદેશ જારી કરીને કર્મચારીઓને ઓફિસ ઉપર પાછા ફરવાની તૈયારી શરૂ કરવા કહ્યું હતું. પ્રશ્નમાં જવાબમાં સોફ્ટવેર ડેવલપરે જણાવ્યું હતું કે "આ ઓર્ડરથી કંપનીની આંતરિક ટીમોમાં અરાજકતા સર્જાઈ હતી. કેટલાક મેનેજરોએ ઝડપથી ઓર્ડર અમલમાં મૂક્યો અને આ ઓર્ડરનું પાલન કરવામાં નિષ્ફળ જનાર કર્મચારીઓ સામે શિસ્તના પગલાં લાગુ કર્યા છે." આ વ્યક્તિએ કહ્યું કે તેણે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો અને કંપનીના અધિકારીઓ સમક્ષ દલીલ કરી કે સ્થળાંતરથી તેને અને તેના પરિવારને $ 1,50,000 (1.24 કરોડ)નો ખર્ચ થશે. તેણે રિલોકેશન પેકેજ માટે પણ પૂછ્યું પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહીં. પ્રોફેશનલે કહ્યું કે તેણે તેના મેનેજર સાથે વાતચીત કર્યા પછી, તેને લાગ્યું કે જે રીતે કંપની લોકોને બહાર ધકેલી રહી છે તે રીતે આ ઓર્ડર ઈરાદાપૂર્વકનો હતો. ત્યારબાદ તેણે બીજી કંપનીઓમાં નોકરીની અરજીઓ આપવાનું શરૂ કર્યું. આખરે તેને એક નવી નોકરી મળી જેમાં એમેઝોન જેટલો જ પગાર બેઝ મળી રહ્યો છે. એમેઝોનના પ્રવકતા બ્રાડ ગ્લાસરે વેબસાઈટને જણાવ્યું કે "ઈન્સાઈડરે સ્ત્રોતની ઓળખ જાહેર કરવાનો ઈન્કાર કર્યા પછી કંપની એકાઉન્ટ ચકાસી શકી નથી. અમે વારંવાર અમારી સ્થિતિ સ્પષ્ટ કરી છે: ફેબ્રુઆરીમાં અમે કર્મચારીઓ સાથે શેર કર્યું હતું કે અમે તેમને મે મહિનાથી શરૂ થતા અઠવાડિયામાં ત્રણ કે તેથી વધુ દિવસ ઓફિસમાં આવવાનું શરૂ કરવાનું કહીશું કારણ કે અમે માનીએ છીએ કે તે અમારા ગ્રાહકો, વ્યાપાર અને સંસ્કૃતિ માટેના શ્રેષ્ઠ લાંબા ગાળાનું પરિણામ આપશે.




# સરકારે છેલ્લા પાંચ વર્ષમાં કન્સલ્ટન્સી કંપનીઓને રૂા.૫૦૦ કરોડના જટિલ પ્રોજેક્ટ આઉટસોર્સ કર્યા હતા : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૦


ઈન્ડિયન એક્સપ્રેસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ, માહિતી અધિકાર (RTI) કાયદા દ્વારા મેળવેલા રેકોર્ડ્સમાં સામે આવ્યું છે કે કેન્દ્ર સરકારના ૧૬ મંત્રાલયો અને વિભાગોએ અગ્રણી બહુરાષ્ટ્રીય કન્સલ્ટન્સીને ગવર્નન્સના વિવિધ પાસાઓ સાથે સંબંધિત ઘણી મહત્વપૂર્ણ સોંપણીઓ આઉટસોર્સ કરી છે. એપ્રિલ ૨૦૧૭ અને જૂન ૨૦૨૨ની વચ્ચે બિગ ફોર-પ્રાઈસવોટર-હાઉસકૂપર્સ (PwC), ડેલોઈટ ટચ તોહમાત્સુ લિમિટેડ, અર્ન્સ્ટ એન્ડ યંગ ગ્લોબલ લિમિટેડ અને KPMG ઈન્ટરનેશનલ લિમિટેડ અને યુએસ સ્થિત મેકકિન્સે એન્ડ કંપનીએ લગભગ રૂા. ૫૦૦ કરોડની કિંમતની ઓછામાં ઓછી ૩૦૮ કન્સલ્ટન્સી અસાઈનમેન્ટ મેળવ્યા છે. જે વિવિધ સરકારી મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ દ્વારા આપવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારમાં ૫૯ મંત્રાલયો છે. વહીવટ હેઠળના તમામ ૧૬ વિભાગો/મંત્રાલયો અને લગભગ ૫૦ સંસ્થાઓના નામ આપવામાં આવ્યા છે જેમણે પાંચ વૈશ્વિક સલાહકારોમાંથી કોઈપણ એકની સલાહ લીધી હતી. જેમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ છે; ગ્રામીણ વિકાસ, વહીવટી સુધારા અને જાહેર ફરિયાદો, ઉદ્યોગ અને આંતરિક વેપારને પ્રોત્સાહન, કોલસો, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા, સંરક્ષણ, નાગરિક ઉડ્ડયન, જાહેર સાહસો, બિન-પરંપરાગત ઊર્જા સંસાધનો, શક્તિ,માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન અને પ્રવાસન વિભગનો સમાવેશ થાય છે. RTIના રેકોર્ડ મુજબ PwCએ સૌથી વધુ લાભાર્થી છે જેણે ૨૦૧૭ અને ૨૦૨૨ની વચ્ચે રૂા. ૧૫૬ કરોડથી વધુના ઓછામાં ઓછા ૯૨ કોન્ટ્રાક્ટ મેળવ્યા હતા. ડેલોઈટને રૂા. ૧૩૦.૧૩ કરોડથી વધુની કિંમતના ૫૯ અસાઈનમેન્ટ મળ્યા હતા. એ જ રીતે E&Y એ રૂા. ૮૮.૦૫ કરોડમાં ૮૭ જેટલા કોન્ટ્રાક્ટ મેળવ્યા હતા જેમાંથી પાંચ માટે રકમ પૂરી પાડવામાં આવી ન હતી. કેપીએમજીને રૂા. ૬૮.૪૬ કરોડના ૬૬ કોન્ટ્રાક્ટ મળ્યા તેમાંથી પાંચની રકમનો કોઈ ડેટા આપવામાં આવ્યો ન હતો. અને મેકકિન્સીને રૂા. ૫૦.૦૯ કરોડમાં ત્રણ કોન્ટ્રાક્ટ મળ્યા હતા. પેટ્રોલિયમ સેકટરને પેટ્રોલિયમ મંત્રાલય અને તેના ચાર PSUs તરફથી રૂા. ૧૭૦ કરોડથી વધુના મૂલ્યની સૌથી વધુ અસાઈનમેન્ટ્સ પ્રાપ્ત થયા છે, જ્યારે પાવર મંત્રાલય હેઠળની નવ સંસ્થાઓએ બહુરાષ્ટ્રીય કન્સલ્ટન્સીને રૂા. ૧૬૬.૪૧ કરોડના મૂલ્યની સોંપણીઓ કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસે ઉલ્લેખ કર્યો છે કે સરકારી માલિકીની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને આરટીઆઈ એક્ટની "ટ્રેડ સિક્રેટ" કલમને ટાંકીને ડેટા આપવાનો ઈન્કાર કર્યો હતો. મંત્રાલયોમાં પ્રવાસન મંત્રાલય અને નીતિ આયોગનો સમાવેશ થાય છે. પ્રવાસન મંત્રાલયની અંદર તેની સ્વદેશ દર્શન પહેલના ભાગરૂપે E&Yને ઓછામાં ઓછા રૂા. ૧૮ કરોડનું કામ આપવામાં આવ્યું હતું. દરમ્યાન નીતિ આયોગે કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓના મૂલ્યાંકન માટે ૨૦૧૯ અને ૨૦૨૧ની વચ્ચે રૂા. ૧૭.૪૩ કરોડની રકમની સાત આઉટસોર્સ કરી હતી. ૨૦૧૫ થી શરૂ કરીને, ઘણા સમાચાર અહેવાલોએ નરેન્દ્ર મોદી સરકારની મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટીઝ, સ્વચ્છ ભારત અને કૌશલ્ય વિકાસ જેવી પહેલ માટે સલાહકારોને જોડવાની પ્રથાને પ્રકાશિત કરી છે. જુલાઈ ૨૦૧૫માં ઈકોનોમિક ટાઈમ્સે અહેવાલ આપ્યો હતો કે આ કન્સલ્ટન્સીને માર્ચમાં પૂરા થયેલા વર્ષમાં લગભગ ૫૦૦ કરોડ રૂપિયાની ફી ચૂકવવામાં આવી હતી. અને તેઓએ કહ્યું કે એક વર્ષમાં સરકારી કામકાજથી કુલ આવક વધીને રૂા. ૭૫૦ કરોડ થઈ શકે છે. ઈન્ડસ્ટ્રી ટ્રેકર્સે જણાવ્યું હતું કે લગભગ તમામ સરકારી પ્રોજેક્ટ્સ માટે વિવિધ તબક્કે કન્સલ્ટન્ટની મદદ લેવામાં આવી રહી છે. અને આવું રાજ્ય અને કેન્દ્ર બંને સ્તરે થઈ રહ્યું છે.

# ICC રેન્કિંગ : બેટિંગમાં ગિલ અને બોલિંગમાં મો.સિરાજ નંબર વન

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય ટીમનો ટેલેન્ટેડ યુવા ઓપનર શુભમન ગિલે આઈસીસીનું લેટેસ્ટ વન-ડે બેટિંગની રેન્કિંગમાં નંબર વનનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. તેણે પાકિસ્તાનના કપ્તાન બાબર આઝમને પાછળ પાડી દીધો છે. વિશ્વકપ શરૂ થતાં પહેલા બાબર આઝમ નંબર વન હતો જ્યારે ગિલ ડેન્ગ્યુના કારણે મોડો આવ્યો. એકબાજું યુવા ઓપનરે રન બનાવ્યા તો બીજી બાજું બાબર નિષ્ફળ ગયો એટલું જ નહીં. બોલિંગમાં મોહંમદ સિરાજ બોલરોની રેન્કિંગમાં નંબર વનના સ્થાને યથાવત્ છે. શ્રીલંકા વિરૂદ્ધ રમાયેલી ૯૨ રનની ઈનિંગે ગિલને નંબર વન બનવામાં મદદ કરી હવે તેની પાસે ૮૩૦ રેટિંગ પોઈન્ટ છે. જ્યારે પાકિસ્તાનનો કપ્તાન બાબર આઝમ તેનાથી ૬ પોઈન્ટ પાછળ છે. આ લિસ્ટમાં ડીકોક ત્રીજા સ્થાને છે. જો કે પ્રથમ બીજા બાદ ત્રીજા સ્થાનવાળા ખેલાડી વચ્ચે ઘણું અંતર છે. વિશ્વકપમાં રનોનો વરસાદ કરનાર રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ ગિલ સાથે ટોપટેન રેન્કિંગમાં સામેલ છે. વિરાટ ચોથા તો રોહિત છઠ્ઠા સ્થાને છે. આ બંને જે રીતે રમી રહ્યા છે તે જોતા લાગે છે કે આવનાર દિવસોમાં તેમની રેન્કિંગ વધારે સારી થવાની સંભાવના છે. તેમનું ટોપ રેન્કિંગમાં સામેલ થવું દર્શાવે છે કે ભારતીય બેટ્સમેન કયા લેવલનું પ્રદર્શન કરી રહ્યા છે. ૭૪૩ રેટિંગ પોઈન્ટ સાથે ડેવિડ વોર્નર પાંચમા સ્થાને છે. શ્રેયસ અય્યર ૧૭ સ્થાનની છલાંગ લગાવતા ૧૮મા સ્થાને આવી ગયો છે. આ ઉપરાંત છેલ્લી બે મેચોમાં કમાલની બેટિંગ કરનાર પાકિસ્તાનનો ઓપનર ફખર જમાન ત્રણ સ્થાનોની છલાંગ સાથે ૧૧મા સ્થાને આવી ગયો છે. સાથે જ અફઘાનિસ્તાનનો ઓપનર ઈબ્રાહિમ ઝાદરાન ૬ સ્થાનોની છલાંગ લગાવી ૧૨મા સ્થાને પહોંચી ગયો છે. બોલિંગ રેન્કિંગમાં ત્રીજા સ્થાનો ઓસ્ટ્રેલિયાનો એડમ જમ્પા છે. ચોથા સ્થાને ભારતનો કુલદીપ યાદવ છે. જ્યારે શાહીન શાહ આફ્રિદી હવે નંબર વનથી પાંચમા સ્થાને પહોંચી ગયો છે. કુલદીપ અને શાહીન વચ્ચે ત્રણ પોઈન્ટનું અંતર છે. બોલિંગમાં મો.સિરાજ (૭૦૯ પોઈન્ટ) બાદ દ.આફ્રિકાનો કેશવ મહારાજ ૬૯૪ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.



# સરકારી પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ચુક ચલાવી લેવામાં આવશે નહીં : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં વિવિધ સરકારી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અને ચુકને લઈ હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ ગેરરીતિના આરોપીઓને જામીન આપવા બાબતે અન્ય કેટલીક ટકોર પણ કરી છે. સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચાલાવી લેવાય નહી લાખો યુવાનો દિવસ-રાત એક કરીને પરીક્ષાની તૈયારી કરતા હોય છે કેટલાક અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. ૨૦૧૪માં લેવાયેલ કલાર્કની પરીક્ષામાં થયેલી ગેરરીતિ મુદ્દે ચાલી રહેલા કેસ મામલે હાઈકોર્ટની આકરી ટકોર સામે આવી છે. કેસમાં સંડોવાયેલા અને ૮ વર્ષથી ફરાર આરોપીના આગોતરા જામીન સમયે કોર્ટે ટકોર કરી છે. સુનાવણી અંતે સંબધિત કેસમાં કોર્ટે આરોપીનો જામીન આપવાથી ઈન્કાર કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જયારે કોઈ વિદ્યાર્થી કે વ્યકિત સ્પર્ધાત્મક પરીક્ષા આપે ત્યારે તે કંઈ કેટલાય સપના જોઈ લેતો હોય છે. સારી સારી સરકારી નોકરીઓની કલ્પના કરી લેતો હોય છે પરંતુ એ જ સપના ત્યારે ચકનાચૂર થાય જયારે ષડયંત્રકારોની ચાલાકીના લીધે પેપર ફૂટી જાય અને પરીક્ષા રદ થઈ જાય છે. પછી તો સ્વભાવિક છે કે ફરી પરીક્ષા લેવાય એમાં પછી કોઈ કારણોસર ભરતી પ્રક્રિયા અટકે અને એવી અનેક સરકારી વાતોની વચ્ચે કોઈ ઉજજવળ ભવિષ્યનો ઉદય થતા પહેલા જ અસ્ત થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં અગાઉ એક પણ એક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર ફૂટવા સહિત ગેરરીતિના બનાવો બનતા ભારે હોબાળો થઈ રહ્યો હતો. આ મામલો હાઈકોર્ટ સમક્ષ જતાં હાઈકોર્ટે આકરૂ વલણ અપનાવતા નિર્દેશો જારી કર્યા છે.

# સ્નાતક કક્ષાએ પ્રવેશ માટે હવે કોલેજોના ધક્કા ખાવા નહીં પડે, એમબીએ અને મેડિકલ એડમિશન માટે તાજેતરમાં આવેલા ચુકાદાઓ કેવી રીતે મદદરૂપ થશે ?

**હવે તો બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે અને તેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે બધા વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણાંક મેળવીને સોનેરી ભવિષ્ય મેળવવા માટે તનતોડ મહેનત કરતા હશે અને ખાસ વાત કહેવાની કે તનતોડ અને સ્માર્ટ મહેનત સિવાય કોઇ છૂટકો નથી. અત્યારે મહેનત કરી લો પછી તો મોજ જ મોજ છે અને ખૂબ સમૃદ્ધિયુક્ત ભવિષ્ય મળવાનું છે તેમાં કોઇ બેમત નથી. છેલ્લા બેથી ત્રણ આર્ટિકલ આપણે શિક્ષણ ક્ષેત્રમાં આવી રહેલા આધુનિક પગલાં વિશે વાત કરી હતી. આજે પણ શિક્ષણ ક્ષેત્રમાં લેવાયેલા આધુનિક નિર્ણયો તેમજ તાજેતરમાં ગુજરાત હાઇકોર્ટ દ્વારા લેવામાં આવેલા કેટલાક નિર્ણયો વિશે વાત કરીશું. આ નિર્ણયોના કારણે ઘણા બધા વિદ્યાર્થીઓને ફાયદો થશે અને ભવિષ્યમાં એડમિશન લેવા માટે માર્ગદર્શક બની રહેશે. તો ચાલો આજે આપણે વાત કરીએ શિક્ષણ ક્ષેત્રની લેટેસ્ટ નવા-જૂની વિષે**

**ધોરણ-૧૨ પછી પ્રવેશ માટે એક જ પોર્ટલ**

રાજ્યમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવતા સમયને ધરખમ રીતે ઘટાડવાની ધારણા છે તેવા પગલાંમાં ગુજરાત સરકારે જાહેરાત કરી કે સરકારી યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (CGAS) પોર્ટલ નામના સામાન્ય પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. નવી સિસ્ટમ ૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષથી અમલમાં આવશે અને ૧૧ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે આ સેવાઓનો લાભ લઈ શકાશે. નવી સિસ્ટમ હેઠળ પ્રવેશ પ્રક્રિયા માટે લાગતો સમય બે મહિનાથી ઘટાડીને એક પખવાડિયામાં આવવાની ધારણા છે. વિદ્યાર્થીઓ નાણાની પણ બચત કરશે કારણ કે તેઓ જે કોલેજોમાં અરજી કરે છે તેના ફોર્મ માટે ફી ભરવાને બદલે તેઓએ પોર્ટલ ઉપર નોંધણી કરાવવા માટે માત્ર એક વખતની ફી ચૂકવવી પડશે, જેમ કે હાલની સિસ્ટમ હેઠળ કરવામાં આવે છે.

આ બાબતની જાહેરાત શિક્ષણ મંત્રી દ્વારા કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, એક વિદ્યાર્થી વિવિધ કોલેજોના પ્રવેશ ફોર્મ પાછળ લગભગ રૂા.૫૦૦ ખર્ચે છે. નવી સિસ્ટમ હેઠળ, વિદ્યાર્થીઓ સામાન્ય મંચ ઉપર નજીવી કિંમતે ફોર્મ ભરીને પ્રવેશ મેળવવાની કાર્યવાહી કરી શકશે. રાજ્ય સરકારના આ નિર્ણયને મંત્રીમંડળની પણ મંજૂરીની મહોર મળી ગઈ છે. આથી હવે આગામી દિવસોમાં પ્રવેશની કાર્યવાહી ખૂબ જ સરળ, ઝડપી અને વ્યાજબી બની રહેશે તેવી આશા સેવાઈ રહી છે. શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, વિદ્યાર્થીઓ તેમની વિગતો કોમન એડમિશન પ્લેટફોર્મ ઉપર મૂક્યા પછી, એક કોમન મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને તેઓએ મેળવેલા માર્ક્સ અનુસાર કોલેજો ફાળવવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓ ઈચ્છે તેટલા અભ્યાસક્રમો માટે અરજી કરી શકે છે, અને તેમને દરેક અરજી માટે વધારાના પૈસા ચૂકવવાની જરૂર રહેશે નહીં. સમગ્ર સિસ્ટમ સુરક્ષિત રહેશે અને રાજ્યના શિક્ષણ વિભાગને પ્રવેશ પ્રક્રિયા ઉપર રીઅલ-ટાઈમ ડેટા મળશે. આ સાથે સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહી શકશે.

હાલમાં સિસ્ટમ એવી છે કે વિદ્યાર્થીને ધોરણ૧૨ પછી સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા માટે કોલેજમાં ફોર્મ ભરવા પડતા હતા. તેમાંથી છૂટકારો મળશે. રાજ્યના ૧૧ સરકારી યુનિવર્સિટીમાં આ પદ્ધતિ અમલમાં લાવવામાં આવી છે. હવે પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન થઈ ગઈ હોવાથી મોબાઈલમાં એસએમએસ અને ઈમેલ મારફતે તમામ લેટેસ્ટ જાણકારી મળી શકશે. વિદ્યાર્થીઓ અને કોલેજોને આ માટે વેબસાઈટમાં લોગ ઈન પદ્ધતિથી માહિતી ભરવાની રહેશે અને તેનો ઉપયોગ પ્રવેશ પ્રક્રિયા માટે થઈ શકશે. ઉલ્લેખનીય છે કે, ટેકનિકલ અને પ્રોફેશનલ કોર્સિસમાં પ્રવેશ માટે કેન્દ્રીય પદ્ધતિ છે જ ત્યારે સરળ પ્રક્રિયાથી ફાયદો થશે તેમા બેમત નથી.

**એમબીએમાં પ્રવેશ માટે હવે ૫૦ ટકાની જરૂર નહી ?**

એમબીએની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઉપર દુરોગામી અસર પડે અને વિદ્યાર્થી આલમને ફાયદો થાય તેવો ચુકાદો ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં આપવામાં આવ્યો છે. એમબીએની પ્રવેશ કાર્યવાહી કેન્દ્રીય ધોરણે પ્રવેશ સમિતિ દ્વારા કરવામા આવે છે જેમાં સરકારી અને ખાનગી કોલેજોમાં પ્રવેશ માટે પ્રક્રિયા કરી શકાય છે. તેના નિયમ મુજબ જે વિદ્યાર્થીએ ગ્રેજ્યુએશનના અંતે ૫૦ ટકા લઘુત્તમ ગુણ આવ્યા હોય તે જ પ્રવેશ મેળવી શકે છે. પરંતુ સોમ લલિત સ્કુલ ઓફ મેનેજમેન્ટ દ્વારા એક વિદ્યાર્થીના એક કિસ્સામાં હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કિસ્સો એવો હતો કે, આ વિદ્યાર્થીને સ્નાતકના આખરી વર્ષમાં ૫૦ ટકાથી ઓછા માર્ક આવ્યા હતા તેમ છતાં તેને પ્રવેશ અપાયો હતો. આથી તેનો પ્રવેશ સમિતિ દ્વારા રદ કરાયો હતો. આથી વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેની સુનાવણીમાં રજૂઆત કરી હતી કે, પ્રવેશ સમિતિના નિયમ મુજબ સ્નાતકના આખરી વર્ષમાં ૫૦ ટકા ગુણાંક હોવા જોઈએ જે તેના મળ્યા નથી. પરંતુ આ નિયમ ખોટો છે. હકીકતમાં દરેક વિદ્યાર્થી સ્નાતકનો અભ્યાસ ત્રણ વર્ષ સુધી છ સમેસ્ટરમાં કરે છે. દરેક સેમેસ્ટરના અંતે પરીક્ષા હોય છે અને કુલ છ પરીક્ષાઓ હોય છે. આમ દર વર્ષે બે પરીક્ષાઓ લેવામાં આવે છે ત્યારે જો તેના દરેક પરીક્ષાઓના કુલ ગુણ જોવામાં આવે તો ઓવરઓલ ત્રણ વર્ષનું પરફોર્મન્સ ૫૦ ટકાથી વધુ છે. આથી તે પ્રવેશને પાત્ર છે. ત્રણેય વર્ષના પરિણામની ગણતરી કરવી જોઈએ નહી કે માત્ર છેલ્લા વર્ષની. કારણ કે વિદ્યાર્થી માત્ર છેલ્લા વર્ષ માટે અભ્યાસ કરતો નથી. હાઈકોર્ટે આ દલીલો માન્ય રાખીને તેની તરફેણમાં ચુકાદો આપ્યો હતો ત્યારબાદ પ્રવેશ સમિતિ દ્વારે બે ન્યાયમૂર્તિઓની ખંડપીઠ સમક્ષ અપીલ કરાઈ હતી. તે અપીલ પણ રદ કરીને એક ન્યાયમૂર્તિની ખંડપીઠ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને લીલીઝંડી આપવામાં હતી. આમ આ ચુકાદાનું અર્થઘટન એવું કરી શકાય કે હવે માત્ર આખરી વર્ષ નહી પરંતુ ત્રણ વર્ષના પરિણામની ગણતરી કરીને ૫૦ ટકા કે તેથી વધુ માર્ક મળ્યા હશે તો તે વિદ્યાર્થી પ્રવેશપાત્ર ગણાશે.



**મેડિકલમાં પ્રવેશને લઇને હાઇકોર્ટના મહત્ત્વના ચુકાદાઓ**

એમબીબીએસમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનું એક સપનુ હોય છે અને એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદો આપ્યો હતો કે, બેકન કર્મચારીઓના બાળકોની સરખામણી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ, રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બહારના રાજ્યમાં બદલી થઈ હોય અને સંરક્ષણ દળો સાથે કરી શકાય નહી. હવે વાત જાણે એમ છે કે, એમબીબીએસ કે અન્ય મેડિકલ કોર્ષમાં પ્રવેશ મેળવવો હોય તો અને તે પણ ગુજરાતના ક્વોટામાં પ્રવેશ મેળવવો હોય તો ધોરણ-૧૦ અને ધોરણ૧૨નો અભ્યાસ ગુજરાતની શાળામાં જ કર્યો હોવો જોઈએ. હવે ઘણી વખત એવું થતું હોય છે કે, જે સરકારી કર્મચારીઓના બાળકોનો જન્મ ગુજરાતમાં થયો હોય પરંતુ બહારના રાજ્યના બદલી થતી હોવાથી તેમના બાળકો ધોરણ-૧૦ કે ૧૨નો પ્રવેશ ગુજરાતમાં કરી શક્યા ના હોય. પરંતુ પ્રવેશના નિયમો મુજબ ઓલ ઈન્ડિયા સર્વિસ, સંરક્ષણ દળો અને રાજ્ય સરકારના બદલી પામેલા કર્મચારીઓને આ નિયમમાંથી મુક્તિ મળેલી છે. ત્યારે એક વિદ્યાર્થી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરીને એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે, તેણે ધોરણ-૧૦માં અભ્યાસ ગુજરાતમાં કર્યો હતો. પરંતુ રાષ્ટ્રીયકૃત બેકમાં નોકરી કરતા તેના પિતાની ઉત્તર પ્રદેશ ખાતે બદલી થવાથી તેણે ધોરણ-૧૨નો અભ્યાસ ત્યાં રહીને કર્યો હતો. તેણીએ નીટની પરીક્ષા પાસ કરીને એમબીબીએસમાં પ્રવેશ માટે અરજી કરી હતી. પરંતુ અરજી નકારી કાઢવામાં આવી હતી. કારણ કે, તેણીએ બોર્ડની બન્ને પરીક્ષાનો અભ્યાસ ગુજરાતની શાળામાં નહોતો કર્યો. આથી તેણે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. પરંતુ હાઈકોર્ટે ચુકાદો આપીને સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓને ઉપરોક્ત ત્રણ કેટેગરીના કર્મચારીઓ સાથે સરખાવી શકાય નહી અને કોઈ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. અન્ય એક ચુકાદામાં હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા કે જે બીજા કોઈ દેશનું નાગરિકત્વ ધરાવતો વિદ્યાર્થી કે વિદ્યાર્થિની હોય અને ભલે તેણે બોર્ડની બન્ને પરીક્ષા ગુજરાતમાં અભ્યાસ કરીને આપી હોય તો પણ તેને એનઆરઆઈ ક્વોટામાં જ પ્રવેશ મળે. પ્રસ્તુત કેસમાં વિદ્યાર્થિની દ્વારા એવી રજૂઆત કરાઈ હતી કે, નિયમોનો અભ્યાસ કરીએ તો તેણીનો જન્મ ગુજરાતમાં થયો હતો અને તેણીએ ધોરણ-૧૦ અને ૧૨ ગુજરાતમાંથી કર્યું હોવાથી તેને એનઆરઆઈ નહી પરંતુ ગુજરાતની સરકારી ક્વોટાની બેઠકો ઉપર પ્રવેશ મળવો જોઈએ. પરંતુ હાઈકોર્ટે કહ્યું હતું કે, જે ભારતીય નાગરિકતા ના ધરાવતા હોય તેને નોન રેસિડેન્ટ ઈન્ડિયન એટલે કે એનઆરઆઈ ક્વોટામાં જ પ્રવેશ મળે. ગુજરાતના સરકારી બેઠકોના ક્વોટામાં મળે નહી.

# રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજની અમૃતવાણીનો લાભ લેતા ભાવિકો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

ગુરૂદેવ રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજ સાહેબનું ચાતુર્માસ જૂનાગઢમાં ચાલે છે. તેમના શ્રીમૂખેથી અવિરત વાણી આપણે સાંભળીએ છીએ. લાઈવમાં તો લાખો લોકો સંભાળતા હશે, છતાયે ક્રિકેટ મેચ જેવું છે. સ્ટેડિયમમાં જે રોમાંચ હોય તે ઘરે લાઈવ જુવો તેમાં ફેર હોય છે. આવું જ ગુરૂદેવના વ્યાખ્યાનનું છે. ગુરૂદેવના દરેક પ્રવચનો સાંભળો ત્યારે સિંહ નાદ અને બ્રહ્મનાદ કોને કહેવાય તે ખ્યાલ આવી જાય. ગુરૂદેવ જયારે મહાવીર નિર્વાણ કલ્યાણકમાં "હે પ્રભુ..." એમ બોલતાં હતા ત્યારે એમ થાય કે કદાચ સાઉન્ડ સિસ્ટમ ન હોય તો પણ દૂર દૂર સુધી આ સંભળાય. ગુરૂદેવના પ્રવચનએ ખરેખર "ART OF LIVING" છે. અમોએ વિપશ્યનાની શિબિરમાં ગોએન્કાજીને "શુદ્ધ ધર્મ" ઉપર બહુજ સાંભળેલ અને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરેલ તેજ "શુદ્ધ ધર્મ" ગુરૂદેવના પ્રવચનમાં જોયેલ. ગુરૂદેવના વ્યાખ્યાન સાંભળી અમે જે જોયું તે એ છે કે ધર્મના બે ભાગ છે. એક પ્રક્રિયાત્મક(procedural) જેમાં સામાયિક, પ્રતિક્રમણ, તપ વગેરેનો સમાવેશ કરી શકાય જ્યારે મૂળ ધર્મ (substantive religion') એ અહિંસા, જીવદયા, જતના, અનુકંપા છે. ગુરૂદેવ હંમેશા કહે છે કે પ્રક્રિયા ત્મક ધર્મ નું મહત્વ જરાયે ઓછું નથી પણ તે મૂળ ધર્મ સુધી જવાનો માર્ગ છે તે ભૂલવું જોઈએ નહિ. ઓશો જૂનાગઢની શિબિરમાં આવ્યા ત્યારે તેને કહેલ તે હજુ હું ભૂલેલ નથી. તેને કહેલ કે "મે જૂનાગઢ આ રહા થા તો એક માઈલ સ્ટોન પે લીખા થા' જૂનાગઢ 5 K M.', તો ક્યાં મે વહા રૂક જતાં કી જૂનાગઢ આ ગયા? યે માઈલ સ્ટોન તો બતા રહા હૈ કિ જૂનાગઢ યહા સે 5 k.m. દૂર હૈ. જબ હમારે ધર્મગ્રંથ યે બતા રહે હૈ કિ ધર્મ યે હૈ, મગર આપને તો ગ્રંથ કી હી પૂજા કરની શરૂ કરદી!!!" મારી કમનસીબી છે કે સમગ્ર ચાતુર્માસ દરમ્યાન બહુ ઓછા પ્રવચનનો લાભ લઈ શકેલ, પણ મહાપુરૂષોના અમીછાંટણા પણ જીવનનો રાહ બદલવા માટે પૂરતા છે. અભિમાન કે ગર્વ માટે નહિ પણ statement of fact તરીખે એકજ ઉદાહરણ આપીશ. ગુરૂદેવ તેમના પ્રવચનમાં ઘણી વાર પ્રતીજ્ઞા આપવા હાથ ઉંચો કરવા કહે છે અને અમે પણ આવી ઘણી જ પ્રતિજ્ઞા માટે હાથ ઊંચો કરેલ જેમાંનુ ૧૦૦%પાલન નથી થયું તે કબૂલાત કરવી પડે પણ એક પ્રતિજ્ઞા એ મારી જીવન શૈલી ઉપર બહુ અસર કરી તે આજે આપ બધા સાથે share કરૂ છું. નુતન વર્ષે ગુરૂદેવએ જણાવ્યું કે તમો વહેલી સવારે શું પસંદ કરશો ? મોબાઈલ કે માંગલિક ? ત્યારે ગુરૂદેવે કહ્યું કે જેમને વહેલી સવારે મોબાઈલ જોતાં પહેલા માંગલિક કહેવું હોય તે હાથ ઊંચા કરે. ત્યારે બધા સાથે મે પણ હાથ ઊંચો કર્યો અને બીજા દિવસથી પ્રતિજ્ઞાનું ૧૦૦% પાલન શરૂ કર્યું. રાત્રે માંગલિક સાથે પ્રાર્થના પછી મોબાઈલ જોવો નહિ અને સવારે માંગલિક સાથે સવારની પ્રાર્થના પછી જ મોબાઈલ જોવો. આ સામાન્ય પ્રતિજ્ઞા હતી પણ તેની અસર અસામાન્ય છે તે મે અનુભવ્યું છે. રાત્રે ઉંઘ ન આવે એટલે મોબાઈલ જોવાનું વળગણ હતું. એક વખત મોબાઈલ ખોલો એટલે મારા મેસેજમાં જેટલા બ્લૂ ટીક આવેલ છે ત્યારથી ફેસબુક ખુલી જાયને પછી તો આંગળીના ટેરવા ફેસબુકમાંથી ક્યાં ક્યાં લઇ જાય તે ખબર પડે નહિ. ફેસબુક એ તો હવે સેક્સ બુક બની ગયું છે ત્યારે આડકતરી નજર પણ ત્યાં ચાલી જાય તે કબૂલાત (confession) કરતા સંકોચ નથી કારણકે તે સત્ય છે અને તે સ્વીકારવું પડે જ. રાત્રે મોબાઈલ જોતો હોવ એટલે જયશ્રી પણ ઊંઘમાં ખીજાય કે "હવે મોબાઈલ કરો બંધ, સવારે વહેલા ઊઠવાનું છે ..", પણ ગુરૂદેવના એકજ શબ્દો કે બોલો શું પસંદ કરશો ? માંગલિક કે મોબાઈલ? તે મને તો શીરો જેમ ગળે ઉતરી જાય તેમ મારા મગજમાં ઉતરી ગયું. રાત્રે મોબાઈલ બંધ કરી દીધા બાદ સવારે માંગલિક સાથેની સવારની પ્રેયર પૂરી થયા બાદ જ મોબાઈલને અડવું તે મે મારો જીવન મંત્ર બનાવી દીધો છે. ગુરૂદેવના ચાતુર્માસનો પૂરો લાભ લીધો નથી તે ડંખ હતો તે આ એક ગુરૂદેવે આપેલ જીવન મંત્રથી મને એમ લાગે છે કે ગુરૂદેવે આ ચાતુર્માસમાં મારા ઉપર અનહદ કૃપા વરસાવેલ છે.

# ૧ વર્ષમાં ૧૧ લાખથી વધુ પ્રવાસીઓએ ગુજરાતમાં સ્થિત રિજિયોનલ સાયન્સ સેન્ટરોની મુલાકાત લીધી

**ગુજરાતમાં પાટણ, ભાવનગર, ભુજ અને રાજકોટ ખાતે ૧૦૦ કરોડના ખર્ચે GUJCOST દ્વારા બનાવવામાં આવ્યા છે રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ : વડોદરા, સુરત, જામનગર અને જૂનાગઢ ખાતે પણ સ્થાપિત કરવામાં આવશે નવા રિજિયોનલ સાયન્સ સેન્ટર : વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓથી ધમધમી રહેલા આ વિજ્ઞાન કેન્દ્રો બન્યા છે ગુજરાતના આકર્ષક વૈજ્ઞાનિક પ્રવાસન સ્થળો : રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ 'લોકોને વિજ્ઞાન સુધી અને વિજ્ઞાનને લોકો સુધી લઈ જવું'ના થીમને અનુસરે છે**





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાત રાજ્યમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર માટે અને વિદ્યાર્થીઓને ઈનોવેશન કરવા માટે એક આદર્શ પ્લેટફોર્મ પૂરૂ પાડવાના ઉદ્દેશથી વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી(GUJCOST) દ્વારા રાજ્યના પાટણ, ભાવનગર, ભુજ અને રાજકોટ ખાતે ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટર (RSC)નું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા આ રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ વિજ્ઞાન વિષય અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા લોકો માટે આકર્ષણના કેન્દ્રો બન્યા છે. આ સેન્ટરોના લોકાર્પણથી અત્યારસુધીમાં ૧૧ લાખથી વધુ મુલાકાતીઓ આ રિજિયોનલ સાયન્સ સેન્ટરોની મુલાકાત લઈ ચૂક્યા છે, જેમાં સૌથી વધુ ૭.૫૦ લાખ લોકોએ પાટણ ખાતે આવેલા રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી છે.

### RSC વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ હાથ ધરે છે

આ ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરોના ઉદ્‌ઘાટનથી રાજ્યમાં અત્યંત વ્યવસ્થિત અને વિચારપ્રેરક વૈજ્ઞાનિક પ્રવાસન સ્થળોની રચના થઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે વધુ ને વધુ લોકો આકર્ષાય તે હેતુથી આ સેન્ટરો ખાતે અનેક જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતના તમામ જિલ્લાઓ, ભારતના વિવિધ રાજ્યો અને વિદેશોમાંથી પણ લોકો વૈજ્ઞાનિક સંશોધનના આ કેન્દ્રો તરફ આકર્ષાયા છે. ઈન્ટરેક્ટિવ ગેલેરીઓ ઉપરાંત, આ સેન્ટર્સ વિવિધ વૈજ્ઞાનિક આઉટરીચ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ પ્રવૃત્તિઓમાં જિલ્લા કક્ષાની ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ, જિલ્લા કક્ષાની ગુજરાત STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) ક્વિઝ, વર્લ્ડ સ્પેસ વીક, સ્કાય ઓબ્ઝર્વેશન પ્રોગ્રામ્સ, નેશનલ મેથેમેટિક્સ ડે, નેશનલ સાયન્સ ડે, મિશન LiFE ઉપર અવેરનેસ પ્રોગ્રામ, જનભાગીદારી દ્વારા ઈવેન્ટ્સ અને વર્કશોપ જેવી ઘણી મેગા ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે. આ રિજિયોનલ સાયન્સ સેન્ટરો "લોકોને વિજ્ઞાન સુધી અને વિજ્ઞાનને લોકો સુધી લઈ જવું" ના થીમને અનુસરે છે. આ સેન્ટરોએ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પ્રયોગોમાં જોડાવા, તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં રસ અને જિજ્ઞાસા જગાડવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આવનાર સમયમાં GUJCOST દ્વારા સ્થાપિત કરવામાં આવશે વધુ ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટર GUJCOST આગામી સમયમાં વડોદરા, સુરત, જામનગર અને જૂનાગઢ ખાતે વધુ ચાર રિજિયોનલ સાયન્સ સેન્ટરોની સ્થાપના કરી રહ્યું છે. આ સેન્ટરો વૈજ્ઞાનિક શિક્ષણ, ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો, વર્કશોપ અને શૈક્ષણિક કાર્યક્રમો માટે હબ તરીકે કાર્યરત થશે. તેઓ આગામી પેઢીના લર્નર્સ અને લીડર્સમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને પૂછપરછની સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, GUJCOST એ રાજ્યના ૨૩ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર્સની કામગીરી શરૂ કરી છે અને રાજ્યના બાળકો અને નાગરિકોને તેમના ઘરઆંગણે એક મંચ પૂરો પાડવાનો પ્રયાસ કર્યો છે, જેથી દરેક વ્યક્તિને વૈજ્ઞાનિક અનુભવો અને શૈક્ષણિક સંસાધનો સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય તે સુનિશ્ચિત થાય. ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર્સ, રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ અને ગુજરાત સાયન્સ સિટી, આ ત્રણેય સાથે મળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયા મિશન અનુસાર દેશમાં વિજ્ઞાનના પ્રચાર અને વિજ્ઞાનની લોકપ્રિયતા વધારવાનું એક રોલ મોડેલ બનાવે છે. પાયાના સ્તરે વિજ્ઞાન અને ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાથી રાજ્યના આર્થિક અને તકનીકી વિકાસને પ્રોત્સાહન મળે છે. વૈજ્ઞાનિક રીતે સાક્ષર અને ઈનોવેટિવ સમાજનું નિર્માણ કરીને, ગુજરાત કૃષિ અને ઉદ્યોગથી લઈને આરોગ્યસંભાળ અને પર્યાવરણીય ટકાઉપણા સુધીના વિવિધ ક્ષેત્રોમાં તેની પ્રગતિને આગળ વધારી શકે છે. રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ રાજ્યના જ્ઞાન કેન્દ્રો તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીના સંશોધન માટે અને વૈજ્ઞાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેના શ્રેષ્ઠ સ્થળ બનવાની દિશામાં સતત આગળ વધી રહ્યા છે. આ સેન્ટ્રો સમગ્ર ગુજરાત રાજ્યમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર, પ્રસાર અને શિક્ષણ માટેના અનન્ય કેન્દ્રો તરીકે ઉભરી રહ્યા છે અને સમાજના તમામ લોકો માટે વૈજ્ઞાનિક શિક્ષણને સુલભ અને આનંદપ્રદ બનાવે છે.

# કેશોદ એસટી ડેપો પાર્સલ વિભાગનું સરાહનિય કાર્ય : સફાઈ કામદારોને આપી દિવાળીની મિઠાઈ અને કપડાની ભેટ



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૦

કેશોદ એસટી ડેપો પાર્સલ વિભાગ દ્વારા સફાઈ કામદારોને દિવાળી નિમિત્તે મીઠાઇ તથા કપડાં આપવામા આવ્યા હતા. આ તકે કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ, પાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલિયા, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ગોવિંદભાઈ બારિયા, ડેપો મેનેજર ભીલ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં હાજર મહેમાનો, એસટી સહકારી મંડળીના ડિરેક્ટર અરશીભાઈ માડમ, જુનિયર આસિસ્ટન્ટ તરીકે પ્રમોશન લેતાં દિલીપભાઈ દવેનું પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યાં.

આ કાર્યક્રમ સફળ બનાવવા એસટી ડેપો પાર્સલ વિભાગના સિધ્ધરાજસિંહ રાયજાદાનું મહત્વનું યોગદાન રહ્યું હતું. આ પ્રસંગે બોલતાં મહેમાનોએ જણાવ્યું વાર તહેવારે આર્થિક નબળા લોકો અને તેના બાળકો સાથે ઉજવણી કરવાથી અસામનતાં દૂર થાય છે.

# માંગરોળ પોલીસે ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારો સાથે કરી દિવાળીની ઉજવણી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨૦

શહેરમાં અલગ-અલગ જગ્યાએ ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારો પાસે દિવાળી જેવા પ્રસંગે પોતાની ખુશી મનાવવાની કોઈ પણ પ્રકારની સ્થિતિ નથી હોતી જેના કારણે આવા ગરીબ પરિવારો પોતાની ખુશી મનાવવાથી વંચિત રહી જતા હોય છે પણ માંગરોળ પોલીસે માનવતા દાખવી શહેરમાં રહેતા અલગ અલગ જગ્યાએથી ગરીબ પરિવારના બાળકો અને પરિવારો સાથે ફટાકડા ફોડી માનવતાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. જયારે પોલીસ દ્વારા આ ગરીબ પરિવારોના નાના-નાના બાળકો અને મોટા લોકોને ફટાકડા ફોડવા માટે આપતા અને એક સાથે આટલા મોટા પ્રમાણમાં ફટાકડા જોવા મળતા આવા ગરીબ પરિવારના બાળકોમાં ભારે ખુશી જોવા મળી હતી. સાથે સાથે ફટાકડા ફોડી અને બાદ તમામ આ ગરીબ પરિવારોના બાળકો અને પરિવારના લોકો માટે પોલીસ દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરવામાં હતી. માંગરોળ પોલીસ



સ્ટેશન પી.એસ.આઈ. એસ.એ. સોલંકી, એ.એસ.આઈ જ્યોતિબા ચુડાસમા, સમીનાબેન બેલીમ, પોલીસ સ્ટાફ સાથે શહેર પ્રમુખ લિનેશ સોમૈયા, પૂર્વ પાલિકા પ્રમુખ મમદ હુશેન જાલા, પરેશ જોષી, સૂરજભાણ ખાચર અને શહેરના આગેવાનો દ્વારા ફટાકડાની આતશબાજી કરતા ગરીબ પરિવારો મુખ ઉપર સ્મિત જોવા મળી રહ્યું હતું.

# વિક્રમ સંવત ૨૦૮૦ ના લગ્નના શુભ મુહુર્તો

## આ વર્ષે માત્ર ૪૪ લગ્નના મુહુર્તો છે

ગુરૂ-શુક્રના અસ્તના કારણે મે મહિનામાં મુહુર્તો નથી. દર વર્ષે દેવ દિવાળીના દિવસે દેવતાઓ જાગે એટલે ત્યારબાદ લગ્નના શુભમુહુર્તોની શરૂઆત થાય છે. આ વર્ષે દેવ દિવાળી તા.૨૩-૧૧-૨૩ ને ગુરૂવારે છે આથી ત્યારબાદ લગ્નના શુભ મુહુર્તોની શરૂઆત થશે.

લગ્નનું પહેલું શુભ મુહુર્ત નવેમ્બર મહિનામાં ૨૭ તારીખથી છે. લગ્ના શુભ મુહુર્તોની વિગત જોઈએ તો નવેમ્બર મહિનામાં તા.૨૭, ૨૮, ૨૯, ડીસેમ્બર મહિનામાં તા.૬, ૭, ૮, ૧૪, ૧૫, આમ ધનારક કમુહુર્તા પહેલા લગ્નના આઠ મુહુર્તો છે. તા.૧૬-૧૨-૨૩ થી ૧૪-૧-૨૪ સુધી ધનારક કમુહુર્તો ચાલશે. એટલે આ સમય દરમ્યાન લગ્નની શરણાઈ વાગશે નહીં. કમુહુર્તા પછી લગ્નના શુભ મુહુર્તો જાન્યુઆરી મહિનામાં તા.૨૧, ૨૨, ૨૭, ૨૮, ૩૦, ૩૧ ફેબ્રુઆરી મહિનામાં તા.૨,૪, ૬, ૧૨, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯ છે.

માર્ચ મહિનામાં તા.૨,૩,૪, ૬,૧૧, ૧૩, ત્યારબાદ તા.૧૪-૩-૨૪ થી તા.૧૩-૪-૨૪ સુધી મીનારક કમુહુર્તા ચાલશે. અને તા.૧૭-૩-૨૪ થી ૨૪-૩-૨૪ સુધી હોળાષ્ટક છે. આમ મીનારક અને હોળાષ્ટકમાં લગ્ન થાય નહીં. આથી ત્યારે લગ્નના શુભ મુહુર્તો નથી. ત્યારબાદ એપ્રિલ મહિનામાં લગ્નના મુહુર્તો છે. એપ્રિલ મહિનામાં લગ્નના ચાર મુહુર્તો છે. જેમાં તા.૧૮, ૨૧, ૨૬, ૨૮, ત્યારબાદ શુક્ર ગ્રહનો અસ્ત તા.૧-૫-૨૪ થી ૨૮-૬-૨૪ સુધી છે. ગુરૂ ગ્રહનો અસ્ત તા.૭-૫-૨૪ થી ૨-૬-૨૪ સુધી છે. આમ ગુરૂ તથા શુક્રના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. આથી મે મહિનામાં લગ્નના એકપણ મુહુર્તો નથી. જયારે જુન મહિનામાં લગ્નના માત્ર બે જ મુહુર્તો છે. અને તે પણ મહિનાની આખરમાં છે. આથી આ વર્ષે ઉનાળામાં લગ્નના સાવ ઓછા મુહુર્તો છે.

જુન મહિનાના મુહુર્તોમાં તા.૨૭, ૩૦, જુલાઈ મહિનાના મુહુર્તો તા.૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ છે. ત્યારબાદ ૧૭ જુલાઈના દિવસે દેવશયની એકાદશી છે. આમ દેવશયની એકાદશીના દિવસે દેવતાઓ પોઢી જાય છે. આથી ત્યારબાદ લગ્નના મુહુર્તો હોતા નથી.

આ વર્ષે ૧૪ ફેબ્રુઆરીના દિવસે વસંતપંચમી છે. જયારે અખાત્રીજ ૧૦ મે ના દિવસે છે. પરંતુ આ વર્ષે અખાત્રીજના દિવસે પણ ગુરૂ-શુક્રનો અસ્ત હોય, લગ્ન થઈ શકશે નહીં.

આમ આ વર્ષે ઉનાળામાં માત્ર ૧૨ જેટલાજ મુહુર્તો છે. સૌથી વધારે ફેબ્રુઆરી મહિનામાં ૧૨ જેટલા લગ્નના મુહુર્તો છે. ગયા વર્ષે ૬૩ જેટલા લગ્નના શુભ મુહુર્તો હતા. આ વર્ષે માત્ર ૪૪ મુહુર્તો જ છે.

– શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

# બાપા સીતારામ ગૌશાળા ઝુઝારપુર ગામે નૂતનવર્ષના દિવસે ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોકડાયરો યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨૦

તા.૧૪-૧૧-૨૦૨૩ના રોજ ઝુઝારપુર ગામ સમસ્ત દ્વારા નુતનવર્ષના પાવન પર્વ નિમિતે ગૌશાળાના લાભાર્થે એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિવ સાઉન્ડના સથવારે કલાકાર દેવરાજભાઈ ગઢવી અને અપેક્ષાબેન પંડ્યાએ પોતાની મધુર શૈલીમાં સંગીતના સુરે લોકગીત,ભજન અને લોકસાહિત્યની સરવાણીથી લોકોને આનંદિત કર્યા હતા. આ લોકડાયરામાં ગામ સમસ્ત ઝુઝારપુરના આમંત્રણને માન આપી આજુબાજુની ગૌશાળાના ગૌસેવકો તેમજ વિવિધ સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ લોકડાયરામાં ૮,૩૦,૦૦૦/- ગૌમાતાની સેવા અર્થે લોકોએ દાન કર્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઝુઝારપુર ગામ સમસ્ત દ્વારા નુતનવર્ષ નિમિતે લોકડાયરો યોજાયો હતો અને ખુબ મોટી રકમ ગૌસેવાર્થે લોકોએ દાન કરી હતી.આ સમસ્ત રકમને ગૌસેવાના કાર્ય અર્થે ઉપયોગમાં લેવામાં આવશે. આ સમસ્ત કાર્યક્રમનું સંચાલન તેમજ ગૌશાળાની માહિતી અને વાર્ષિક હિસાબ ભરતભાઈ



ચારિયા તેમજ રાજેશભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યો હતો.

આ બંન્ને મહાનુભાવો શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા છે,તેઓ પોતાનું કાર્ય કરતા કરતા વધારાનો સમય ગૌસેવા અર્થે આપે છે. આ ભવ્ય લોકડાયરાથી મળેલ રકમ થકી ગૌસેવા અર્થે આગામી સમયમાં વાપરવામાં આવશે. દાન આપનાર દરેક ગૌસેવકોનું આવનારૂ નવું વર્ષ ખુબ મંગલકારી રહે તેમજ ભગવાન દ્વારકાધિશની અને ગાયમાતાની કૃપા આપના પરિવાર ઉપર બની રહે તેવી પ્રાર્થના કરી હતી.

